
શ્રી સ્વામિનારાયણ

January '0

Rs. 5/-

ધનુર્માસ
ધૂન
મહોત્સ

પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



સીડની મંદિરમાં કથામૃત પાન કરતા હરિભક્તો




ગાંધીનગર સેક્ટર-૨૩ આપણા મંદિરમાં શા. સ્વામી હરિકેશવદાસજીના
સંત દીક્ષાના ૫૦માં વર્ષ નિમિત્તે સ્નેહગીતા પુસ્તિકાનું
વિમોચન કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી




જેતલપુર મંદિરમાં બિરાજતા શ્રી ઘનશ્યામમહારાજ તથા
ધનુર્માસ પ્રસંગે ધૂન



બદ્રીનાથ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન



નવરંગપુરા (તા.પાટડી) મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે સભામાં
પૂ. પી.પી. સ્વામીને રાજીપાનો હાર પહેરાવતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
સ્વામી નારાયણસ્વરૂપદાસજી
(મહંત સ્વામી)
પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ
વાર્ષિક : રૂ. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂ. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂ. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂ. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર


વર્ષ - 1 | અંક : 9 | જનવરી -2008

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	હે યુવાનો !!	૪
૪.	ક્રોધ	૬
૫.	વચનામૃત - કારીયાણી	૯
૬.	ઓકલેન્ડ આપણું શ્રી સ્વામિનારાયણ મંદિર	૧૧
૭.	સત્સંગ સુરભિ : "અમે તો જીવના ગુના માફ કરવા બેઠા છીએ"	૧૫
૮.	સત્સંગ બાલવાટિકા (૧) અક્ષર ઓરડીની વાત (૨) મૌન વધે કે ભજન વધે ?	૧૭
૯.	ભક્તિસુધા (૧) ઘનશ્યામ બહુ ચમત્કારિક છે (૨) હમીર સરોવરનો મહિમા (૩) માયાનો ત્યાગ	૧૯
૧૦.	પ્રશ્નપેટી	૨૨
૧૧.	સત્સંગ સમાચાર	૨૩

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :
મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

अस्मदीयम्



તંત્રીશ્રીની કલમે....

ધૂન્ય થાય ચૌદલોક થકી ન્યારી. એ કીર્તનના પદને સાર્થક કરતી પવિત્ર ધનુર્માસની ધૂન્યની જ્યોત શ્રી નરનારાયણદેવના પુનિત સાનિધ્યથી લઈને દેશ-વિદેશોના પ્રત્યેક શિખરબધ્ધ મંદિરો, પ્રત્યેક હરિમંદિરો, ઢોલ, મૃદંગ, ત્રાંસા, તબલાના મંજીરાના તાલ સાથે ઉચ્ચ સ્વરે "સ્વામિનારાયણ" મહામંત્રની પ્રાતઃ ધૂન્યની રમઝટ ગગનભેદી અવાજમાં અષ્ટ આવરણ ભેદીને ભગવાનની મૂર્તિની આપોઆપ સ્મૃતિ રહે એવું સહજ સરળ વાતાવરણ મળે છે, તે તો ભગવાનની કૃપા વર્ષા છે. શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા બહેનોની સભામાં પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી વહેલી સવારે ૫-૩૦ વાગે મંગળા આરતીમાં પધારીને કથા અને ધૂન્યમાં અખંડ બિરાજીને ભક્તોને ભક્તિમાં નવી ચેતના આપી રહ્યા છે. ઉત્તમ વાતાવરણમાં કનિષ્ઠ જેવા પામર સત્સંગી પણ વહેલી પરોઢીએ જાગીને ધૂન્ય તો ચૂકતા જ નથી ! કેટલાક તો બહાર ગામ જવાના પ્રોગ્રામ પણ ધૂન્યનો લાભ ચૂકી જવાના લોભે મોટા ભાગે ટાળતા હોય છે.

શ્રીહરિએ સદ્‌ગુરુ વ્યાપકાનંદ સ્વામીને ભૂમા પુરુષના લોકમાં સત્સંગ કરાવવા મોકલ્યા. વચ્ચે અનેક પ્રકારના વિઘ્નો આવરણો આવવા લાગ્યા, ત્યારે સ્વામીએ મંત્રો, શાસ્ત્રો, ગીતા ભાગવતના પઠનથી કેટલાક આવરણો પાર કર્યા. પણ, ઉત્તરોત્તર આવરણો વધતા જતા હોવાથી સ્વામી પાછા વળી ગયા. અહીં શ્રીજી મહારાજને ઘટનાઓની વાત કરી. શ્રીહરિએ કહ્યું કે; હવે તમને જ્યારે કોઈ રાક્ષસ કે આવરણો દેખાય ત્યારે "સ્વામિનારાયણ" મંત્રનું ઉચ્ચ સ્વરે અમને સંભારીને પાઠ કરજો. તમારા તમામ આવરણો ટળી જશે. શ્રીજી મહારાજની આજ્ઞાથી વ્યાપકાનંદસ્વામી ફરીથી ભૂમાપુરુષના લોકમાં જતાં વચ્ચે વિઘ્નો આવતાં સ્વામિનારાયણ મહામંત્રનું ગાન કરવાથી તમામ આવરણો મલિન તત્વો, વિઘ્નો દૂર થઈ ગયા અને સરળતાથી ભૂમાપુરુષના લોકમાં પહોંચ્યા અને સ્વામિનારાયણ ભગવાનથી વંચિત મુક્તોને સ્વામિનારાયણ ભગવાનનો મહિમા કહ્યો. તેમાં કેટલાક મૂક્તોએ ધામ છોડીને સત્સંગમાં જન્મ લીધો. શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ સંભારીને ધૂન્ય બોલવામાં આવે છે ત્યારે ભગવાનની મૂર્તિનો દિવ્ય અલૌકિક સ્વાદ આવે છે અને આવરણો માત્ર ટળી જાય છે. માત્ર "સ્વામિનારાયણ" મહામંત્રમાં જ અષ્ટ આવરણો ભેદવાની શક્તિ છે તે સર્વે સત્સંગીઓએ જાણી રાખવું. મૂર્તિને સંભાર્યા વગર તો ગાયુ ના ગાયા બરોબર છે. તેમાંથી થાક લાગી જાય છે. અને મૂર્તિને સંભારીને ગાયુ હોય તો જન્મો જન્મનો થાક ઉતરી જાય છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
સાધુ નારાયણસ્વરૂપદાસના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ઘ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ડિસેમ્બર - ૨૦૦૭)

૧. પ.ભ. અશોકભાઈ હરિકૃષ્ણભાઈ ઠક્કરને ત્યાં પધરામણી આનંદનગર.

૨. ટાટા નગર સોસાયટી મેઘાણીનગર પારાયણ પ્રસંગે પધરામણી.

૩. નવરંગપુરા (તા. વિરમગામ) નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
પ.ભ. મહેન્દ્રસિંહ ખુમાનસિંહ ઝાલાને ત્યાં પધરામણી, ઘોડાસર.


૪. પ.ભ. બિન્દેશ જગદીશભાઈ પટેલને ત્યાં પધરામણી ગાંધીનગર.
પ.ભ. જગદીશભાઈ ચિમનભાઈ પટેલને ત્યાં પધરામણી ગાંધીનગર.
પ.ભ. ચંદુભાઈ ચુડાસમાને ત્યાં પધરામણી સેટેલાઈટ.
પ.ભ. જયંતીભાઈને ત્યાં પધરામણી, આકાશ પાર્ટી પ્લોટ.

૫. ડિસેમ્બરથી ૨૪ ડિસેમ્બર
કેનેડા ટોરોન્ટોમાં શ્રી નરનારાયણદેવ તાબાના આઈ.એસ.એસ.ઓ. સંસ્થાપિત નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરના ખાત મૂહુર્ત પ્રસંગે અને અમેરિકામાં આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટરમાં ધર્મ પ્રચારાર્થે પધરામણી.

૨૯. કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર ધનુર્માસ ધૂન પ્રસંગે પધરામણી.

૩૦. ઉનાવા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી અને
મોટેરા શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ પ્રસંગે પધરામણી.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, આપણે તો શ્રી નરનારાયણના દાસ છીએ, તે શ્રી નરનારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું, અને એ શ્રી નરનારાયણની ઈચ્છા હશે તો સત્સંગની વૃદ્ધિ થશે, ને જો એમને ઘટાડવો હશે તો ઘટી જશે અને એ નરનારાયણ આપણને હાથીએ બેસારે તો હાથીએ બેસીને રાજી રહેવું, અને ગધેડે બેસારે તો ગધેડે બેસીને રાજી રહેવું. અને એ શ્રી નરનારાયણના ચરણારવિંદ વિના બીજે ક્યાંય પ્રીતિ રાખવી નહિ. (ગ.પ્ર.પ્ર. ૭૪)



હે યુવાનો !!

- કોઠારી સ્વામી રામાનુજ દાસજી

હે યુવાનો ! ..... યુવાની તો જીવનની વસંતઋતુ છે. યુવાનીની શોભા તો સારા સંસ્કારો, સાચું સાત્વિક શિક્ષણ, વિવેકનું જ્ઞાન, વિનય-સત્સંગ- સારા મિત્રો - સારું વાચન તેનાથી સારું વર્તન-વાણી અને વિચારથી જ છે. સર્વ ઋતુઓની શોભા જેમ વસંત ઋતુ છે તેમ યુવાની પણ જીવનની વસંત છે. વસંતને કલુષિત કરી નાખી ગુંગળાવી ન દેવાય. કુદરતની કળાથી પાંગરેલી કુંપળોને મુરઝાવી ન દેવાય.

વસંત પહેલા પાનખરની ઋતુમાં પાંદડાના ઢગલાને દૂર ન કરીએ તો વસંત ખીલે કઈ રીતે ?

તેમ યુવાનીમાં પણ આદર્શ વિચારો ન આવ્યા, સાત્વિક અને શુદ્ધ આહારની ટેવ ન પડી. સસ્તાં અને ખરાબ મનોરંજનથી દૂર રહેવાની વૃત્તિઓ ન ખીલે અને જગતનાં આકર્ષણ સામે ઝૂકી ન જાય અને વૈભવ ભોગ-વિલાસ-ખરાબ વાંચન- વાણી વર્તન- દ્રશ્યોને અવગણી ન શકે તો તે જુવાની તો જવાની જ છે. પાછી નહિ આવે, તો હે યુવાનો જીવનની આ મહાન સંપત્તિને સાચવીને રાખો.

યુવાનીને જો સંસ્કારોથી શણગારીને તેમાં વસંત ખીલવવી હોય તો શ્રીજી મહારાજ, આચાર્ય મહારાજશ્રી અને સત્પુરુષોનો નિત્ય સંગ કરવો અને કુસંગથી હંમેશા છેટા રહેવું પડશે. કારણ કે આધુનિકતાના નામે જગતમાં ફૂંકાઈ રહેલાં ઝંઝાવાતે યુવાનોના માનસનું પરિવર્તન કરી નાંખ્યું છે. શાસ્ત્રો અને સંતો પાસેથી વિષય અને વ્યસનનાં ઝંઝાવાત રૂપી દાવાનળમાં જીવનને બરબાદ કરનારા ઘણાનાં જીવન વિષે સાંભળ્યું છે. વ્યસન અને ફેશનની આંધળી નકલ કરવાની વૃત્તિએ આજનાં યુવાનને માયકાંગલો, પાંગળો બનાવી દીધો છે.

યુવાનોના માનસને બદલી અવળે માર્ગે લઈ જનાર મુખ્ય પરિબળ મદ્યપાન, અહંકાર, અંધશ્રધ્ધા, જુગાર, ખરાબ વાંચન, ખરાબ શિક્ષણ, અખાદ્ય આહાર, નકલ... વિગેરે ... જીવનમાં ગમે તેટલી સંપતિ, જાહોજલાલી મળી હોય, અઢળક સુખ સંપત્તિ હોય પરંતુ શરીર સંપત્તિ કંગાળ હોય તો પછી શું ભોગવવાનું !! તામસી આહાર, વિહાર અને મદ્યપાન એટલે શરીરની પાયમાલી.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, "વિષય, વ્યસન અને વહેમ, પ્રભુ ભજવા દે કેમ." શ્રીજી મહારાજે આજ્ઞા કરી છે કે, "કેફ કરનાર પદાર્થો ખાવા નહિ કે પીવાં પણ નહી." વ્યસનથી દૂર એટલે જ સત્સંગ તરફ વળાંક, સત્સંગથી વધુ બીજો કોઈ લ્હાવો જીવનમાં છે ખરો ?

યુવા મિત્રો, જીવનમાં આહાર અને વિહારનું ખૂબ જ મહત્વ છે. સૌ કોઈ જાણે છે કે, "જેવું અન્ન તેવું મન." અને "જેવો આહાર તેવો ઓડકાર." જેવી ખાણીપીણી તેવાં આપણાં વિચારો થાય છે. વિચારોની અસર વર્તનમાં પરિણમે છે. સ્વયં ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં સાત્વિક, રાજસી અને તામસી આહાર વિષે વર્ણન કર્યું છે. તામસી ખોરાક લેવાથી ક્રોધ, મોહ, ઈર્ષ્યા, વગેરે દુર્ગુણો જન્મે. તેમાંથી સંમોહ - સ્મૃતિ ભ્રંસ અને બુદ્ધિનો નાશ થાય છે જેનાથી સર્વનાશ થાય છે. ભિષ્મપિતામહનું દ્રષ્ટાંત જોતાં જ ખબર પડે છે.

આહારનો પ્રભાવ કેટલો છે ? પ્રભુને અર્પણ કરી આહાર આરોગવામાં આવે તો સાત્વિક ગુણો વૃદ્ધિ પામે, શુદ્ધ વિચાર આવે. શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે પંચ ઈન્દ્રિયોનાં આહાર અતિ શુદ્ધ રાખશો તો અંતઃકરણ શુદ્ધ થશે ને અંતઃકરણ શુદ્ધ થતાં ભગવાનની અખંડ સ્મૃતિ રહેશે.

માટે હે યુવાનો ! આપણી યુવાની છે, તે તો ભગવાનની આરાધના કરી ધામની પ્રાપ્તિ કરવા માટે છે. કુટુંબ અને

સમાજનું કાર્ય કરવાં સત્સંગની પ્રગતિ સાધી પ્રભુનો રાજીપો મેળવવાનો પિરિયડ એટલે જ યુવાની.

સાત્વિક વાંચન-સારા મિત્રો - સત્સંગ - આચાર્ય મહારાજશ્રી - સંતો-વડીલ હરિભક્તોનો ઉપદેશ જીવનમાં ઉતારીએ તો આપણું જીવન ખુશબુદાર બને.

સર્વોપરિનાં ઉપાસક એવા ધર્મપ્રેમી અને સાત્વિક મા-બાપનાં સંતાનો હોય તેણે મા-બાપને વંદન કરવા, નિત્યે મંદિરે જવું વગેરે શીખવવું ન પડે. એ તો જન્મજાત સંસ્કાર છે. સત્સંગમાં કંઈક કરી છૂટવાની તમન્ના, દેવ મંદિર - આચાર્ય, સંત અને સત્સંગી તરફ વફાદારી, પૂજ્યભાવ એ આપણો વારસો છે - ધર્મ છે. સંપ્રદાયનું ગૌરવ - સમભાવની ભાવના, પ્રેમ-શાંતિ અને સહકાર આ બધું હોય તો સત્સંગની પ્રગતિ થાય.

મારી જ પ્રગતિ થાય, મને જ સુખ-સમૃદ્ધિ મળે એવી બુદ્ધિ એ સ્વાર્થની બુદ્ધિ કહેવાય.

સત્સંગમાં આપણે જુદાં જુદાં સ્વભાવના દરેક માણસોના સંપર્કમાં આવવું પડે છે. સત્સંગની અંદર ગામડે ગામડે સત્સંગ સભાઓ, શિબિરો, જ્ઞાનયજ્ઞ-યોજી સેવાકાર્ય બજાવવું. કદાચ ક્યાંક નિષ્ફળતા મળે તે પ્રત્યે ઉદાસીન બને તો સફળતા ક્યાંથી મળે. અને કેટલાક યુવાનો લાગણીવશ હોય છે. હંમેશા લાગણીશીલ થજો પણ લાગણીવશ નહિ.

હે યુવાનો ! તમોને એમ થાય કે અમારે અમારું જીવન અસરકારક બનાવવું છે, આગળ ધપાવવું છે, સત્સંગમાં આગળ વધારવું છે તો અમે કઈ રીતે કરી શકીએ ?

સૌ પ્રથમ તમારે તમારા મનમાં રૂઢિ ચૂસ્ત થઈ ગયેલા વિચારો અને સંસ્કારોને દૂર કરવા પડશે, સત્સંગમાં પાયાની જે જરૂરિયાતો છે તે ખીલવવી જોઈએ. જીવનમાં અમૂક બનાવો બને પછી આ કેમ બન્યું ? તેનો વિચાર કરી જીવન વ્યવહાર સુધારવો જોઈએ. વિચારવાની જે ટેવ પાડવી તે યુવાનો માટે ખાસ જરૂરી છે. પરંતુ તે વિચારોની ટેવમાં તમારે પક્ષાપક્ષીથી દૂર થઈ તટસ્થપણે વિચારવું જોઈએ. સત્સંગમાં યુવાનોએ ખૂબ વાંચન કરવું જોઈએ. જેમાંથી વિચારશીલતા વધે છે. યુવાનો લાગણીશીલ વધારે હોય એટલે સત્સંગમાં ખાસ પોતાની લાગણીઓ ઉપર કાબૂ રાખવો. લાગણી બાબતે બુદ્ધિથી વિચારવું. આપણે આપણું જીવન પોતાના હાથેથી જ ઘડવાનું છે. જીવનમાં મળતી સફળતા અને નિષ્ફળતા બંનેને તમારી ગણીને સ્વીકારતાં શીખો. ખાસ કરીને યુવાનોને સત્સંગ કે જીવનમાં વિકાસ માટે વડીલ સંતો, વડીલ પરિવારજનો સાથે બેસી, સંવાદ કરીને યોગ્ય માર્ગદર્શન મેળવીએ તો સાચો રાહ મળે છે.

ભગવાને આપણને આવા સત્સંગમાં જન્મ આપ્યો છે. સત્સંગમાં આવી શ્રીજી મહારાજની ઓળખાણ થઈ છે તે સામાન્ય બનવા માટે નહિ પણ આ જગતમાં અને સત્સંગમાં ઉપયોગી કાર્ય કરવા માટે આપ્યો છે.

સિધ્ધિ મેળવવા માટેની પ્રેરણા દરેક જીવાત્માની અંદર અજાગૃત રીતે પડેલી જ હોય છે. તમારે ક્યા વિષયમાં આગળ વધવું છે. અસામાન્ય સફળતા મેળવવી છે. પ્રેરણા એ દરેક વ્યક્તિના વિકાસનો ખજાનો છે. તમારા જીવનમાં અને વિચારમાં કઈ પ્રેરણા વિશેષ પ્રમાણમાં છે તે જાણીને પછી પ્રયત્નો કરીને તે માર્ગે આગળ વધી શકો છો. બધાં જ વિષયનું જ્ઞાન પ્રેરણા જન્મજાત હોતી નથી પરંતુ તેને વિકસાવવી પડે છે. તમારું ધ્યેય-કાર્ય કરવાની રીત-તમારા જીવનમાં કયા વિષયમાં રુચિ છે તેના દ્વારા વ્યક્તિત્વને આગળ વધારી શકો છો. ઘણા યુવાનોને કામ કરવાનું મન થાય. ઘણાને મન જ ન થાય. એમના જીવનમાં ધગશનો અભાવ હોય. યુવાન હંમેશા ધગશથી ભરેલો હોવો જોઈએ. સાથે સાથે તેના રુચિના કાર્યો કરવામાં કુશળતા પણ હોવી જોઈએ. જે વિષયમાં આગળ વધવું હોય તેમાં દરેક પાસાનું જ્ઞાન હોવુ જોઈએ. જીવનમાં વિકાસ માટે પ્રયત્ન સતત હોવો જોઈએ. શ્રીજી મહારાજે વચનામૃતમાં પણ સમજાવ્યું છે કે, "પથ્થર પર રોજ દોરડી ઘસાય તો કાપો પડે. જમીન પર દરરોજ પાણીની નાની સેર ચાલું રહે તો ધરો ભરાય પણ તે એક દિવસથી ભરાય નહિ." એમ દરરોજ જીવનમાં નિયમિત સત્સંગ કરવો જોઈએ. દા.ત. જેને અભ્યાસ કરવો હોય તેને સારા અક્ષર, સારી નોંધપોથી, વાચનમાં એકાગ્રતા, સાંભળવામાં એકાગ્રતા વગેરે હોય તો કુશળ વિદ્યાર્થી કહેવાય. તો જ સફળતા મળે. શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય. તમારું કાર્ય

(અનુસંધાન પેઈજ નં. ૨૧)



ત્યારે એટલું ખતરનાક નથી હોતો. પણ જે વ્યક્તિ સાંભળીને મનમાં દબાવી રાખે એના મનમાં સતત એ વિચાર ચાલતો હોય છે કે ક્યારે આ વ્યક્તિ મારા હાથમાં આવે ..... અને જ્યારે એ

- સાધુ ધર્મકિશોરદાસ
(પ્રયાગરાજ યુ.પી.)

"જ્યારે વ્યાપે ક્રોધ, અમૃત વિષ કરી જાણે,
જ્યારે વ્યાપે ક્રોધ, બોધ કોઈનો નવ માને,
જ્યારે વ્યાપે ક્રોધ, સગાને શત્રુ જાણે."

ક્રોધી વ્યક્તિ અર્ધ બળેલા કાષ્ટની જેમ સતત ધુંધુવાયા કરતો હોય છે, ક્રોધ બહુ ખતરનાક છે. ક્રોધની અંદર વ્યક્તિને વિવેકની ખબર હોતી નથી. મારી સામે ક્યો વ્યક્તિ ઉભો છે. ક્યા વ્યક્તિ સામે હું બોલી રહ્યો છું. ક્રોધ વખતે વ્યક્તિ બધું જ ભૂલી જતો હોય છે. ક્રોધની અંદર વ્યક્તિ આંધળો બની જતો હોય છે. શું કરવા જેવું છે ? શું કરવા જેવું નથી ? તેનું જરાય ભાન રહેતું નથી. ક્રોધ એ એવું તાપણું છે જેમાં માણસ પોતે જ પોતાની અંદર સળગાવે છે. તેના થોડા તણખા બહાર દેખાય છે. પરંતુ અંદર તો ભડકો સળગતો હોય છે. તે સારૂ નથી. કેમ કે ગમે ત્યારે એ ફાટી નીકળે એ નક્કી નથી. અને જ્યારે ફાટે ત્યારે એ નુકશાનકારક હોય છે. તમે જો જો કે જે વ્યક્તિ ગમે ત્યારે કોઈ વ્યક્તિ સાથે ઝગડે છે ત્યારે એ વ્યક્તિ સામેવાળા વ્યક્તિ ઉપર બધો ક્રોધ કાઢી નાખે વ્યક્તિ હાથમાં આવી જાય ત્યારે એ એના ઉપર પ્રાણઘાતી ઉમલો કરતો હોય છે. જગતમાં કેટલાક દાખલા બની ગયા છે. જે સવારમાં ઉઠતાજ દૈનિક પેપર (News Pepar) માં ખબરો આવતી હોય છે. ક્રોધની અંદર વ્યક્તિ ન કરવાનું કૃત્ય કરી બેસે છે. પછી પસ્તાવો થાય છે. અને ક્રોધની અંદર વ્યક્તિને બોલવાનો જરાય વિવેક રહેતો નથી. જેમ કે એકવાર સિનેમા ઘરમાં એક દંપતિ પોતાના નાના દીકરાને લઈ ફિલ્મ જોવા આવ્યા. ફિલ્મ ચાલુ થઈ એટલે ફિલ્મની અંદર ભયાનક દૃશ્ય સાથે અવાજ આવતો હોવાથી નાનો બાળક ખોળાની અંદર રડવા લાગ્યો. એટલે પબ્લિકમાંથી અવાજ આવ્યો.

અરે ! યહ બચ્ચા કિસકા હૈ, ચૂપ કરો.

ત્યારે પતિ-પત્નીને કહે મોન્ટુને ચૂપ કરો. ત્યારે પત્ની કહે છે. ચૂપ કરાઉં છું પણ ચૂપ થતોજ નથી. બાળક પાછો રડે છે. ત્યારે પબ્લિક પાછી બૂમો પાડે છે. અને કહે છે -

અરે ઈસ બચ્ચે કા કોઈ બાપ યા માં હૈ કિ નહિ,

ત્યારે પતિએ પોતાની પત્નીને કહ્યું કે મોન્ટુ ભૂખ્યો હશે એટલે દૂધ પાઈ દે છાનો રહી જશે. પત્ની કહે કે દૂધ નથી પીતો. ત્યારે પતિ ખિજાઈને કહે છે કે એ તો શું એના બાપને પણ પીવું પડશે. હવે તમે જ કહો એ શું થયું. એટલે ક્રોધમાં બોલવાનું ભાન રહેતું નથી. અને જ્યારે જ્યારે લોકો મળે ત્યારે ક્રોધની બાબતમાં અમારે ચર્ચા ચાલે ત્યારે લોકો કહે છે કે ક્રોધને શાંત કરવો હોય તો જ્યારે ક્રોધ આવે ત્યારે ભગવાનનું નામ લેવું. રામ-રામ બોલવું. ગાયત્રી જાપ કરવા. પ્રભુનું નામ લેવાથી ક્રોધ શાંત થશે. પણ હું કહું છું કે તમે ક્રોધ વખતે રામ-રામ બોલવા જશો તો રામ નહિ એની જગ્યા 'હરામખોર' એવો શબ્દ નીકળશે. અને ગાયત્રી જાપ કરવા જશો તો 'ગાલી-ગલૌચ' એવો શબ્દ નીકળશે. પણ કોઈ દિવસ ભગવાનનું નામ નહિ નીકળે, કેમ કે ક્રોધ આંધળો હોય છે. અને બીજી વાત ક્રોધ હમેંશા આપણાથી નાના વ્યક્તિ ઉપર આવશે. જેમ પાણીનો પ્રવાહ હમેંશા નીચેની બાજુ વહે છે તેમ ક્રોધ હમેશા નીચેના વ્યક્તિ ઉપર આવશે. જેમ કે કોઈ વ્યક્તિ ઓફિસમાં કામ કરતો હોય અને કોઈ દિવસ મોડો પડે અથવા કાર્યની અંદર કોઈ ભૂલ-ચૂક પડી તો તરત જ એનાથી મોટો ઓફિસર એને વઢશે એને ધમકાવશે. પણ એ વ્યક્તિ પોતાના ઓફિસરને તો નથી વઢવાનો, કેમ કે એનાથી મોટો છે. હવે એ પોતાનો ક્રોધ ક્યાં કાઢશે. જ્યારે સાંજે એ ઘેર જશે ત્યારે તેની પત્ની દરવાજે રોજની જેમ ઉભી હશે અને આવતાની સાથે કહેશે,

ચાલો હાથ મોઢું ધોઈ લ્યો, થાકી ગયા હશો. પણ આજે ક્રોધ છે. એટલે તરત જ કહેશે શું આવતાની સાથે બક-બક ચાલુ કરી દીધું. બીજું કોઈ કામ જ નથી. બંધ કર તારી એ બક-બક, હવે પત્નીના મનમાં વિચાર ચાલ્યો, ક્રોધ આવ્યો પણ એ પતિ સામે કેમ બોલે. જો બોલવા જાય તો મોટો ઝગડો થાય. વાત તલાક સુધી પહોંચી જાય ! હવે મનમાં તો અતિશય ક્રોધ છે. કાઢવા ક્યાં જવું ? જેમ કે પહેલા વાત કરી તેમ હમેંશા નીચેની તરફ વહે છે. હવે નાનો એવો બાબલો રોજની જેમ સ્કુલેથી દોડતો દોડતો આવ્યો અને બૂટ પહેરીને પલંગ ઉપર ચઢ્યો. દફતર આમ તેમ ફેંકી દીધું. હવે માતાએ બાળકને પકડી શરૂઆતમાં જ બે લગાવી દીધી. બહુ તોફાની બની ગયો છે. બે દિવસ થયા નથી કે કપડા મેલા કરી દીધા. જરાય મેનર્સ નથી. દફતર ફેંકી દે છે ખબર નથી પડતી. હવે છોકરો રડવા લાગ્યો. અને વિચાર કરે છે કે હું તો દરરોજ એવી જ રીતે આવું છું, દફતર ફેકું છું તો મમ્મી કાંઈ કહેતી નથી. પણ આજે કેમ ? હવે તો બાળકને પણ બહુ જ ક્રોધ ઉપજ્યો. પણ એ કયાં કાઢવા જાય. એ ગયો પોતાના રૂમમાં, ઢીંગલીને હાથમાં લીધી અને એનો પગ તોડી નાખ્યો. હાથ તોડી નાખ્યા. રમકડા ઉપર ક્રોધ કાઢે છે. એટલે ક્રોધ હમેંશા આપણાથી નાના ઉપર આવે છે. અને ક્રોધ કરનાર વ્યક્તિ ક્રોધના સમયે પોતાનો ચહેરો અરીસામા જુએ તો એને ખબર પડે કે ક્રોધના ઉકળાટે એના ચહેરાની કેવી દશા હોય છે. ક્રોધી માણસો પોતાના આખા જીવન ને નહિ તો એના અંશને તો જરૂર ખત્મ કરે છે. ભગવાનના માર્ગે ચાલેલા ભક્તજનો પ્રભુની ભક્તિ કરતા હોય અને હૃદયમાં ભક્તિનો રસ ભેગો થયો હોય તે એકજ ક્ષણમાં ક્રોધ તેને બાળી દે છે. ક્રોધની અંદર વ્યક્તિ ગમે તેટલું ભોજન કરશે બધું જ બળી જશે. કેમ કે જ્યારે એ ક્રોધ કરે છે. ત્યારે અંદર જવાળા મુખી ફૂટી રહ્યો હોય છે.

જેમ કે ભભકતા અગ્નિની અંદર ગમે તેટલું નાખો બધું જ બળી જશે. અને ભસ્મ થઈ જશે અને જ્યારે વ્યક્તિ ક્રોધ કરે છે ત્યારે એનું લોહી ઝેરમાં બદલી જશે. એવું વૈજ્ઞાનિકોએ. સિધ્ધ કરેલું છે.

એકવાર ન્યુયોર્કમાં એવું સર્વેક્ષણ કરવામાં આવ્યું કે કોણ વધારે ક્રોધી છે. એ ક્રોધી વ્યક્તિને પકડવામાં આવ્યો અને એ ક્યારે ક્રોધ કરે એની રાહ જોતા હતા. ત્યાં એક સસલું રાખવામાં આવ્યું અને એ વ્યક્તિને જ્યારે ક્રોધ આવ્યો ત્યારે એ સસલુ મસ્તીથી રમતું હતું. ખુશ-મિજાજમાં હતું. હવે સર્વેક્ષણ ચાલુ કર્યો. એ ક્રોધી વ્યક્તિને પકડીને એની નસમાંથી લોહી લેવામાં આવ્યું. અને પછી એ લોહી પેલા સસલાની અંદર પ્રવેશ કરાવવામાં આવ્યું. અને લોહી અંદર જતાની સાથે જ્યાં ૨૦ મિનિટનો સમય થયો ત્યાં તો પેલું સસલું ઝટપટવા લાગ્યું. આમ તેમ કુદવા લાગ્યું. આમ કરતા ૩૦ મિનિટનો સમય થયો ત્યાં તો સસલું પોતાના શરીરને જ બચકા ભરવા લાગ્યું. અને એમ કરતા-કરતા ૪૫ મિનિટે સસલું મરણ પામ્યું. જોયું ! એક હસતો-રમતો જીવ પેલા ક્રોધી વ્યક્તિના લોહીથી મરણ પામ્યો. એટલા માટે જ વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે જ્યારે માતા ક્રોધમાં હોય ત્યારે પોતાના નાના બાળકને દૂધ નથી પીવડાવતી. કેમ કે ક્રોધ વખતે એ દૂધ મટી ઝેર બની જાય છે. અને ભોજન પીરસતી વખત જમતી વખત શાંત ચિત્તે ભોજન પીરસવુ તો જ એ જમેલું અને પીરસેલુ સાર્થક થશે. નહીંતર તો ક્રોધની અંદર બધું જ વ્યર્થ જશે. ક્રોધની અંદર વ્યક્તિ બહુજ એટલે અતિશય વધારે ઝહરિલો બની જાય છે.

એક હોસ્પિટલમાં ત્રણ વોર્ડ હતા. ત્રણેય વોર્ડની બહારની સાઈડમાં નોટિસ બોર્ડ મારેલું. એ વાંચીને આશ્ચર્ય ચકિત થઈ ગયો. પહેલા વોર્ડની બહાર નોટીસમાં લખેલું કે વ્યક્તિને કૂતરું કરડ્યું છે એટલે ચિંતા કરવાની જરૂર નથી. ચૌંદ ઈન્જેકશન લાગશે પણ બચી જશે. બીજા વોર્ડમાં બોર્ડ ઉપર લખેલું કે આ વ્યક્તિને સાપે દંશ દીધો છે અને આ થોડો સિરીયસ કેસ છે. પણ થોડી મોંઘી દવાઓના ઉપચારથી બચી જશે પણ જ્યારે ત્રીજા વોર્ડ ઉપર લખેલી નોટીસ વાંચી ત્યારે તે આશ્ચર્ય પામ્યો એમાં લખેલું હતું કે માણસ માણસને બટકું ભર્યું છે અને એને બચવાની કોઈ શક્યતા નથી.

એટલે કહેવાનું કે કૂતરાથી, સર્પથી પીડિત વ્યક્તિ ઉપચારથી બચી શકે છે પણ માણસ જ્યારે માણસને કરડે છે ત્યારે તેને બચાવવો ખૂબ મુશ્કેલ બની જાય છે. અને હા તમે બધા વિચાર કરશો કે આવા ખતરનાક ક્રોધને વશમ કરવાનો, શાંત કરવાનો કોઈ ઉપાય તો

હશે ને ? ગમે ત્યારે કોઈ વ્યક્તિ આપણી ઉપર ક્રોધ કરે તો એને શાંત કેમ પાડવો, સાસુ વહુ ઉપર ક્રોધ કરે તો સાસુને વહુએ તેના વશમાં કઈ રીતે લેવી, કેમ શાંત પાડવી ? કેમ કે જ્યારે વ્યક્તિ ક્રોધ કરે છે ત્યારે તે ભયંકર અંગારાની સમાન ઉભરાતો હોય તો તેને રોકવા માટે શું કરશો ? તો સાંભળો. જેમ અંગારો શાંત કરવા માટે શીતળ જળના છાંટા મારશો તો અંગારો ઠંડો પડી જશે. જો દૂધ ઉભરાતું હોય તો બેસી જશે. એવી જ રીતે ઘરની અંદર સાસુમાં બહુ ક્રોધિત થઈ હોય તો એમની સામે મીઠી વાણી રૂપી છાંટા નાખશો તો સાસુમાં શાંત થઈ જશે. એમ કહેજો કે હે, મા ભૂલ થઈ ગઈ. માફ કરજો. આવી ભૂલ ફરી નહીં થાય. એટલે સાસુમાં તરત જ શાંત પડી જશે. જેમ, દૂધને ઠંડા પાણીનો છાંટો માર્યો તેમ ક્રોધની અંદર ભભકતા વ્યક્તિને શાંત કરવા માટે મધુર વાણી રૂપી ઠંડા પાણીનો છંટકાવ કરશો તો સામેની વ્યક્તિ શાંત થઈ જશે. કોઈ વ્યક્તિ આપણા ઉપર ક્રોધ કરતો હોય ત્યારે વિવેકતા જાળવજો, નમ્રતાથી તેની સાથે વાત કરશો તો સામેનો વ્યક્તિ તેની મેળે જ શાંત થઈ જશે. તે ઉપરથી એક વાત છે કે એક સોસાયટીમાં પતી-પત્ની રહેતા હતા. પ્રારંભમાં તો બહુ પ્રેમથી રહેતા હતા. કોઈ દિવસ ઝગડો કંકાશ કરતા ન હતા. પણ થોડા દિવસ ગયા પછી પત્નીની માંગણીઓ પુરી ન થવાથી પત્ની કેટલાય દિવસથી ખીજાએલી હતી. પણ શું કરે ? તે મોકાની તલાશમાં હતી. એક દિવસ મોકો મળી ગયો. એ દિવસ પતિદેવ કોઈ કારણસર મોડા આવ્યા. અને પછી તો ક્રોધની અંદર લાલચોળ થઈ ગયેલી. વિજળીના ઝબકારા જેવી લાગતી. પત્નીએ તો જવાળામુખીમાંથી અંગારા છોડ્યા. અને કહેવા લાગી કેટલા દિવસથી કહુ છું કે સાડી લાવો. સાડી લાવતા નથી, સારા મેકપનો સામાન લાવતા નથી. પરંતુ પતિદેવ સમજદાર હતા. બધું જ સાંભળે છે. શાંતિ જાળવે છે. પછી તો પત્ની ન કહેવાના શબ્દો કહેવા લાગી. કોઈ જવાબ આપતા નથી. શું મુંગા થઈ ગયા છો ? કંઈ સાંભળતા જ નથી. શુ બેરા થઈ ગયા છો ? આમ બોલતા-બોલતા કહે છે કે તમે તો જાનવર છો જાનવર. આમ રિસાઈને જતી રહી.

થોડી વાર પછી જ્યારે ક્રોધ શાંત થયો ત્યારે પત્નીને ખ્યાલ આવ્યો. ઓ.. હો... મેં આ શું કર્યું ? પતિ પરમેશ્વરને મેં અપશબ્દો કહ્યા. અને છેલ્લે તો જાનવર કહ્યાં. ધિક્કાર છે મને મારી જાત ઉપર. હવે તો પતિને રીઝવવા ગરમા-ગરમ કેસર બદામ મિશ્રિત દૂધ લઈને ગઈ અને કહ્યું. હે પતિ પરમેશ્વર મને માફ કરો. મેં આપને જાનવર કહ્યાં - પતિદેવ વિવેકપૂર્વક કહે છે. તમે સાચું જ કહ્યું છે. તેમાં ક્યાં ખોટું છે. હું જાનવર જ છું. ના પતિદેવ મને માફ કરો. પતિદેવ કહે ના તમે કહ્યું એ બરાબર જ છે. મેં તમારી સાથે જ્યારથી લગ્ન કર્યા ત્યારથી જ હું જાનવર બની ગયો છું. ના પતિદેવ મને માફ કરો. અરે હું સાચું જ કહું છુ. પત્નીએ કહ્યું તો કેમ ? તો પતિદેવ કહે એ તો સાંભળો, જ્યારથી મેં તમારી સાથે લગ્ન કર્યા ત્યારથી તમે મારા શું થયા ? તો પત્ની કહે "જાન" અને જ્યારથી તમે મારી સાથે લગ્ન ગ્રંથીથી બંધાણા ત્યારથી હું તમારો શું થયો ? પત્ની કહે કે "વર" તો પતિ કહે, હવે બન્ને શબ્દ ભેગા કરી પછી કહો શું વાક્ય બન્યુ ? તો પત્ની કહે કે "જાનવર" ! તો પછી કહો કે તમારી સાથે લગ્ન કર્યા પછી જાનવર થયો કે ન થયો ? અને જ્યાં એટલા પ્રેમ ભર્યા શબ્દો સાંભળ્યા ત્યાં તો પત્ની ખુશ-ખુશ થઈ ગઈ અને હમેંશને માટે પતિ પ્રત્યે પ્રેમાળ થઈ ગઈ.

એટલે કોઈ વ્યક્તિ જ્યારે ક્રોધ કરતો હોય તેને શાંત કરવા માટે પ્રેમ ભરી વાણીનો છંટકાવ કરજો. એટલે જ કહ્યું કે જીવનમાં કોઈ દિવસ ક્રોધ કરશો નહિ. જેમ વનમાં સુકાયેલું એક વૃક્ષ પોતે સળગે અને આખા વનને સળગાવે છે. તેમ ક્રોધ રૂપી અગ્નિથી સળગતો માનવ આખા પરિવારમાં પણ આગ લગાડે છે. ક્રોધ માનવીનો મહાન શત્રુ છે. ક્રોધ વ્યક્તિને આંધળો બનાવી દે છે. અને ક્ષણિક ક્રોધની જવાળાઓ દ્વારા બધું જ ભસ્મીભૂત થઈ જાય છે.

અરે ! શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે. ક્રોધી મનુષ્ય કે દેવતા અમને ગમે જ નહિ. ભગવાનના ભક્તો શાંત અને સત્વગુણી હોય તે જ શ્રીહરિને ગમે. તો આપણે બધા આજે જ સંકલ્પ કરીએ કે કોઈ દિવસ ક્રોધ કરશું નહિ. બસ એટલું ધ્યાનમાં રાખજો.

અને ભક્તો જે દિવસે આપણી અંદર ક્રોધ નહિ રહે તે દિવસથી આપણે પ્રભુને ગમશું. અને પ્રભુના સાચા ભક્ત બની જશું !

વચનામૃત-ગરીયાણી

(ગતાંકથી ચાલુ)

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જીયતપુરા (મહંત સ્વામી, માણસા)

"મહારાજ - હું દીનાનાથ આપની સંમતિ લઈ થોડો ભાંગેલો તુટેલો ટચલી આંગળીનો નબળો નબળો પણ બચાવ કરવા પ્રેરાઉ છું. પ્રસંગ હતો મારી માંદગીનો, પણ ગંભીરતા મરણતોલ સૌને લાગતી હતી. હમણા જ્યારે આપે પેલો પાડા ખારવાળો પ્રશ્ન પૂછયો ત્યારે તે પ્રશ્ન મેં બરાબર સાંભળ્યો જ હતો. પણ મારા કાન થોડા સરવા ખરા ને તે પાછળ ડોશીઓમાંથી ગણગણાટ પણ સંભળાયેલો કે મુવા સાધુ બધું મુકીને આવ્યા તો પણ પાછા અહીં રીસની આંટીઓ પણ મુક્તા જ નથી. કંઈ વાંધો નહીં મહારાજ આજે ભલે એ બધા એવું બોલે તો પણ મને તેમનું કાંઈ - સ્હેજે પણ ખરાબ લાગતું નથી. કારણ કે જ્યારે હું મરણતોલ માંદગીમાં ફસાયેલો પડ્યો હતો ત્યારે આપનીજ અનુમતિ કૃપાથી આત્મીય મમતાથી તે બધાએ પોતાની આવરદામાંથી ચાર-ચાર દિવસની આવરદા દાનમાં આપીને મને બેઠો કર્યો ને આ જીવતર લંબાવી આપ્યું. મહારાજ નિષ્કપટ ભાવે ભરી સભામાં સાવ સાચું કહું તો તો આજે મારી બુધ્ધિ બગડી અને સત્સંગ આખાની મા સમા સાધુતાની મૂર્તિ અને આપ પણ જેમને આટ આટલું સન્માન આપી રહ્યા છો એવા મારા જીવના માવતર મુક્તાનંદ સ્વામી કે જેઓએ મારા ઉપર અનહદ કૃપા વરસાવી હેત કરી કરીને જતનપૂર્વક મને સાચવ્યો ને સંભાળ્યો છે. બે પૈસાના લહીયા ખાતરની કેવળ મારી અણસમજણે કરીને આવા મોટા સદ્‌ગુરૂવર્યની ઉપેક્ષા કરી બેસું એટલો બધો અબુધ અને નાદાન હું હોઈ શકું ? સાવ સાચું કહું મહારાજ, હું આવી મોટી ભૂલ, ભૂલમાં પણ કરું ખરો ? પણ છતાં મેં આજે દુષ્ટતા કરી છે તેનું કારણ દાનમાં મળેલી પેલી વઢકણી ડોશીની આવરદા ભાવ ભજવી ગઈ છે. એની આવરદાના ગાળામાં મારી મતી ભ્રમી ગઈ અને અણ છાજતી કાળી ટીબકડી મારા ગાલે ચોંટી ગઈને મારા રેશમના ગાલીચા જેવા જીવનમાં અણજોતું ફાટેલું થીંગડું લાગી ગયું. જેના માટે લજ્જાથી શરમીંદગી અનુભવી આપશ્રીની તથા સ્વામી મુક્તાનંદજીની ક્ષમા યાચી રહ્યો છું.

સભામાં તાળીઓનો ગડગડાટ અને હાસ્યનો ગુંજરાવ વ્યાપી ગયો. પછી આ પ્રક્રિયાને મનોરંજનમાં ખપી જતા અટકાવતા સદ્‌ગુરુવર્ય મુક્તાનંદજીએ ગંભીરતા ધારણ કરી.

પ્રશ્ન કર્યો કે મહારાજ ! જે ભગવાનનો ભક્ત હોય તેને કોઈ ભગવદીયનો હૈયામાં અવગુણ આવતો હોય અને તેણે કરીને ભગવાનના ભક્ત ઉપર રીસ ચડતી હોય તો તે અવગુણ ટાળ્યાનો શો ઉપાય છે ?'' આ પ્રશ્ન પોતે જ પ્રશ્ન પૂછનારની આધ્યાત્મિક ઉંચાઈનું દર્શન કરાવી જાય છે. ભર સભામાં બ્રહ્માનંદ સ્વામી જેવા મોટેરા સદ્‌ગુરુએ ભૂલ કબુલ કરી પોતાની માફી માંગી છે. તેનો સ્હેજ હુંહાટો નથી. પોતે સાચા ઠર્યાનો લેશ માત્ર ગર્વ નથી, વ્યથા અને ચિંતા તો માત્ર મારા જીવનમાં મારાથી આવી ક્યારેય ભૂલ ન થઈ જાય ને કદાપી થાપ ખાઈ જવાય તો તે ખંખેરીને જલ્દીમાં જલ્દી બહાર કેમ નીસરી શકાય એવી સીધે સીધી સરળતા મુમુક્ષુતા અને સાધુતા આ ગુરુવર્યના મુખ કમળમાંથી પ્રશ્ન રૂપે સરી રહી છે. અને હવે આવી ઉત્તમોત્તમ તક પારખીને પ્રભુ પણ હૃદયના ઊંડાણ તરફ દોરી જાય છે. "જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય ને ભગવાનનો મહિમા જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે નહિ...." ગણીતની ભાષામાં જોઈએ તો બે ને બે ચાર થાય. દિવસે ચાર થાય ને રાત્રે પણ ચાર જ થાય. ગામમાં સીમમાં, પાદરમાં દેશ કે પરદેશમાં બેને બે ચાર જ થાય. વળી એકરૂપ ત્રિકોણના ત્રણ ખુણા સરખા હોય તો ત્રણેય બાજુ એક સરખી જ થાય. તેવી સિધ્ધાંતની આ વાત છે.

"બીજી ભક્તિ જન બહુ કરે,
તેમાં રહે ગમતુ મનનું,
પણ પ્રગટ પ્રભુની ભક્તિમાં,
રહે ગમતુ ભગવાનનું."

આડેધડ રાતભર ભજનો ગાઈ જવા કે પગપાળા યાત્રાઓ કરે જવી તેને નથી અહીં ભક્તિ ગણી કે નથી મહિમામાં સામેલ કર્યા. ગઢપુર મંદિરનું કામ ચાલતુ હતું ત્યારે એક સાધુને માળા ફેરવતા જોઈ શ્રીજી મહારાજ કહે "આ ટાણે લાકડા ફેરવવા મુકી પાણા ફેરવવા લાગો તો તે ભક્તિ લેખાશે. સમાની ગમ ન સમજનારની માળાના મણકાને લાકડા ફેરવવા સાથે સરખાવ્યા અને શ્રીજી મહારાજે તો અહીં તાળો મેળવવા જ શીખવી આપ્યું છે કે ભગવાનનો ભક્ત હોય એટલે શરણાગત આશ્રિત થયો હોય, મન બુદ્ધિ સોંપીને આ લોકને પરલોક કહેતા ભૌતિકને આધ્યાત્મિક સર્વે સુખ માત્રના આધાર અને દાતા-

જીવના જીવન પ્રભુને જ માની પોતાની સઘળી મનોવૃત્તિઓને તેઓશ્રીના ચરણે કેન્દ્રીત કરી હોય તેવા ભક્ત થઈને પ્રત્યક્ષપણે તેમની જ ભક્તિ કરતો હોય એટલે કે દેહ-ગેહ કુટુંબ-ધન-ધામને સઘળા વ્યવહારમાંથી પ્રીતિને પાછી વાળી વીસે વીસ કોશના પ્રવાહના હેતથી હરિવરમાં હિલોળો આવ્યા કરતો હોય, હરઘડીને હર પળ તે અને માત્ર તેજ સાંભળ્યા કરતા હોય, તો તેવા ને ભગવાનના બીજા કોઈ ભક્તનો અવગુણ આવે નહિ. અમૃત પીનારને મરણનો ભય સંભવે નહીં. એમ હરિરસના ભોક્તાને અવગુણની આસુરી મતિ સ્વપ્નમાં પણ સંભવે નહિ. નવા-સુના, સાજા-ગાંડા, ભલા-ભોળા કે મંદમતિયા ભગતડાની કોઈ જડ પ્રકૃતિ જોઈને પણ અકળાઈ જવાય, મુંઝાઈ જવાય ને અધિરાઈમાં અવગુણ લઈ બેસાય તો નક્કી સમજજો કે હજુ ભગવાન પ્રત્યેની વફાદારીમાં પ્રમાણિકતા ઓછી છે, ભક્તિ કાચી છે ને ખાટલે મોટી ખોટ છે. પાયો પોણીયો છે. કેમ કે મહિમા અધુરો છે. ધંધામાં પૈસોને દેહમાં પ્રાણ એમ સત્સંગનો ધબકાર મહિમા વધે છે. પણ તેમાં કમાલની કરામત એ છે કે ભક્તિ અને મહિમા ભગવાનના અને તેનું પરિણામ સીધે સીધું ભક્તો સાથેના દિવ્ય ભાવથી અહોભાવથી આત્મીયતાથી ઉભરાય છે. આ વિનાની લુખી ભક્તિ પ્રભુને નથી તો ભાવતી, ફાવતી કે નથી રૂચતી !! "અને ભગવાનના ભક્ત ઉપર રીસની આંટી બંધાય જ નહીં....." વડતાલમાં એક પાર્ષદે પાડાને એક લાકડી ફટકારી અને પછી તો પાડાએ પેલા પાર્ષદને જે શિંગડે ઉછાળ્યોછે તે ભાગવુ પણ ભારે થઈ પડ્યું !! આગળ પાર્ષદ ભાગે ને પાછળ પાડો દોડે તે ગામ આખામાં ભાગ-દોડ મચી ગઈ. માંડ કરી પાર્ષદે મંદિર ભેગા થઈ ઓરડામાં ભરાઈ ગયા પણ પાડો મંદિરના દરવાજે જ બેઠો. બીજે દિવસે પેલા ભગત ન્હાવા માટે બહાર નીકળ્યાને પાછો પાછળ દોડ્યો. સંતોના ટોળામાં વચ્ચે સંતાઈને નીકળ્યો પણ પાડો તેમને શોધી લે ને શીંગડા મારવા દોડે. તે જીવન ભરની એવી પાકી ઓળખાણ કરી લીધીને રીસની આંટી એવી તો જીવમાં બાંધી દીધેલી કે તે પાર્ષદ દેહ મુકી ગયા ત્યારે અંતિમ દિવસે છુટ્ટો મુક્યો કે સીધો જ સ્મશાન ભૂમિમાં દોડ્યો ને શીંગડે શીંગડે તે પાર્ષદની રાખનો ઢગલો ફેંદી નાખ્યો..... આ દ્રષ્ટાંત સવિસ્તરે કહીને મહારાજે ઉપદેશ્યુ હતું કે ભગવાનના ભક્તને આ પાડા જેવો ખાર કોઈ ઉપર રાખવો શોભે નહિ. અવગુણની આંટી પાડવી તે ભક્તિ ભીના હૃદયમાં ગાંઠો બની વિક્ષેપ કરે. ભક્ત હૃદય પાસેથી અપેક્ષા સેવતા પ્રભુ આગળ સંબોધે છે કે, "જેમ ઉદ્ધવજી જો ભગવાનના મહિમાને સમજતા હતા તો એમ વર માંગ્યો જે આ ગોપીઓના ચરણરજના અધિકારી એવા જે વૃંદાવનને વિશે લતા તથા તૃણ તથા ગુચ્છ તેને વિષે હું પણ કાંક થાવ....." ઉદ્ધવજી ખાટી ગયા. જુદા જુદા છ વચનામૃતોમાં મહારાજે ઉદ્ધવજીનું દ્રષ્ટાંત આપી આ વાત કરીછે. વચનામૃત. સાં.-૧૫, કા.-૯, લો-૧૬-૧૭, મ.-૧૭ ને ગ.અં. ૨૮ આમ વચનામૃત જેવા આધ્યાત્મિક ગ્રંથમાં છ વખત સ્થાન પામવામાં એક માત્ર ઉદ્ધવજી જ છે. ભક્ત ચિંતામણી જેવા ચરિત્રામૃત સાગર ગ્રંથમાં નામ આવી શકે પણ આ તો સૈદ્ધાંતિક ગ્રંથ તેમા રૂચિ, રહસ્ય અને સિંધ્ધાંતોની છણાવટો હોય તેમાં નામ પામવું તે દુષ્કર અને દુર્લભ છે. ઉદ્ધવજીને મહિમા તો ભગવાનનો જ હતો પણ તેઓએ ચરણ રજ માંગી. ગોપીઓની સતત તે ચરણરજથી પાવન થતા રહેવા વૃક્ષ, વેલીનો અવતાર માંગીને ભગવાનના નાના-મોટા અવતાર તો શું પણ સર્વ અવતારી ભગવાન સ્વામિનારાયણના હૃદયમાં સ્થાન પામી ગયા !!!!

(ક્રમશ:)

ઉત્તરાયણ પુણ્ય પર્વ પ્રસંગે દાન પુણ્ય

ભારત વર્ષના પુણ્ય પર્વોમાં ઉત્તરાયણનો મહિમા અનેરો અને અલૌકિક છે.

મકર રાશીમાં સૂર્ય પ્રવેશનો સંક્રાંતિકાળ એ શુભનું મંગળકારી આગમન, સર્વથા દાન પુણ્યમાં અનેક ઘણો ઉમેરો કરતો હોવાથી આ સમયે પુણ્ય સ્થાનકમાં દાન કરવાથી આલોક અને પરલોક સંબંધી સર્વ મનોરથો તત્કાલ ફળે છે.

તો આવા સર્વોપરિ શ્રી નરનારાયણદેવના અલૌકિક સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પરમ પૂજ્ય મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજ્ય બ્રહ્મનિષ્ઠ સંતોની શુભ ઉપસ્થિતિમાં ઠાકોરજીની આ સેવાનો અતિ શુભ પ્રસંગે ઉમંગભેર વધાવી સેવામાં સહભાગી થઈ ધન્યભાગી બનીએ.

તા.ક. : સેવાના કાર્ડ અમદાવાદ, કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર, કોઠાર ઓફિસમાં કોઠારી સ્વામી પાસેથી મેળવી લેવા.

મહંત સ્વામીના
શ્રીહરિ સ્મૃતિ સહિત
જયશ્રી સ્વામિનારાયણ

ઓકલેન્ડ (I.S.S.O.) ન્યુઝીલેન્ડમાં સાકાર થઇ રહેલું બેનમૂન આપણું શ્રી સ્વામિનારાયણ મંદિર

પરમ કૃપાળુ સર્વાવતારી શ્રીહરિએ અમદાવાદમાં સ્વહસ્તે સર્વ પ્રથમ પધરાવેલ પોતાનુંજ સ્વરૂપ એવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવની કૃપાથી આપણા શ્રી નરનારાયણદેવ તાબાની વિદેશોમાં કાર્યરત સંસ્થા I.S.S.O. હવે દુનિયાના ઘણા દેશોમાં વિકાસો પામતી જાય છે. છેલ્લા કેટલાક સમયથી ન્યુઝિલેન્ડમાં શ્રી નરનારાયણદેવ ગાદી તાબાનું ભવ્ય મંદિર સાકાર થઈ રહ્યું છે. જેનો સંપૂર્ણ શ્રેય આપણા આચાર્ય મહારાજશ્રીના પરમ કૃપાપાત્ર અને શ્રી નરનારાયણદેવના વફાદાર સત્સંગી ડૉ. કાંતિભાઈને ફાળે જાય છે. તેમની અપાર મહેનત, નિષ્ઠા અને સમર્પણની ભાવના આ મંદિરમાં સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે. અલ્પ સમયમાંજ આ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રીહરિની આજ્ઞા પ્રમાણે મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા ધામધૂમથી થશે. આ ભવ્ય પ્રસંગમાં ઉપસ્થિત રહેવા ઓસ્ટ્રેલિયા, યુકે, અમેરિકા, આફ્રિકા વગેરે દેશોમાં વસતા આપણા મૂળ સંપ્રદાયના આશ્રિતો ઉતાવળીયા થઈ રહ્યા છે.

આપણા નિવૃત આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને વિચાર આવ્યો કે આ મંદિરની અમારે ઓચિંતાની મુલાકાત લેવી છે. તેઓ અચાનકજ ઓકલેન્ડ પહોંચી ગયા. જાતે નિરીક્ષણ કરી જાતેજ મંદિરની તસવીરો લીધી. ડોકટર સાહેબ અને ત્યાંના સૌ સત્સંગીઓની મુલાકાત લીધી. સત્સંગીઓ આ ઓચિંતાની મુલાકાત અને દર્શનથી આનંદ વિભોર થઈ ગયા. તેમના ઉત્સાહનો પાર ન રહ્યો. ઘડીભર તો તેમને થયું કે આ ખરેખર વાસ્તવિકતા છે કે પછી સ્વપ્ન ? તેમને સંબોધ્યા અને બિરદાવ્યા.

આ નિર્માણાધીન મંદિરની ટેકનીકલ વિગત નીચે પ્રમાણે છે.

ન્યુઝીલેન્ડના ઓકલેન્ડના દક્ષિણ વિસ્તારમાં ભારતીયોની ગીચ વસ્તી છે. લગભગ ૩૦ હજાર જેટલા ભારતીયો આ વિસ્તારમાં રહે છે. આ વિસ્તારમાં ઈ.સ. ૧૯૫૫ થી એક ચર્ચ હતું. આ ચર્ચની જગ્યા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ઈ.સ. ૨૦૦૩માં આઈ.એસ.એસ.ઓ. સંસ્થાએ મંદિર માટે સંપાદિત કરી. ઓકલેન્ડના આપણા હરિભક્તો ડૉ. કાંતિભાઈ વગેરે દ્વારા એજ વર્ષના મધ્ય ભાગમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે આપણા મંદિરનું ભૂમિપૂજન વેદવિધિસર કરવામાં આવ્યું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને સંતોના માર્ગદર્શન અનુસાર સંપ્રદાયના શિલ્પ સ્થાપત્ય મુજબ ભારતીય પરંપરાની મંદિરની ડિઝાઈન તૈયાર કરવામાં આવી. આ મંદિર નિર્માણ- કાર્યમાં રહેલી સંકુલતા અને મુશ્કેલીઓને સમજી શકવાની અક્ષમતાને કારણે આ મંદિર નિર્માણ પ્રોજેકટ ન્યુઝીલેન્ડના સ્થપતીઓ માટે એક મોટો પડકાર હતો. કારણ કે તેમણે

આવો કોઈ પ્રોજેકટ હાથ ધર્યો ન હતો. મંદિરના નિર્માણ માટે સાધનો અને આર્કિટેકચર પ્લાનને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની ઈચ્છા-સંકલ્પથી ઈ.સ. ૨૦૦૪ માં માન્યતા મળી.

દરેક સારા કાર્યો આડે સો વિઘ્નો આવે એ કહેવત મુજબ આ મંદિર નિર્માણ સામે ત્યાંના સ્થાનિક વિઘ્ન સંતોષી લોકોએ વાંધો ઉઠાવ્યો અને તેઓ આ પ્રશ્ન છેક ન્યુઝીલેન્ડની કેન્દ્ર સરકાર સુધી લઈ ગયા. પરંતુ શ્રીજી મહારાજની અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી આઈ.એસ.એસ.ઓ.ને મનાકુ શહેરના મેયરનો ટેકો મળ્યો. જેઓ આ મંદિર નિર્માણ કાર્યને એક સીમા ચિન્હરૂપ બાંધકામ તરીકે જુએ છે.

● **મંદિરના બાંધકામનો બહારનો ભાગ :** મંદિરનું બાંધકામ જી.આર.સી. (ગ્લાસ રી-ઈનફોર્સ કોંક્રિટ) પ્રકારનું કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ પ્રકારના બાંધકામના ફાયદાઓ એ છે કે તેનો નિભાવ ખર્ચ ખૂબ ઓછો આવે છે અને પથ્થરનો દેખાવ જાળવી રાખે છે. અને આ પ્રકારના બાંધકામમાં આપણા હિન્દુ પરંપરાના મંદિર જેવો દેખાવ આપવાની ક્ષમતા ધરાવે છે.

● **પડકારો અને મુશ્કેલીઓ :** (૧) પેનલોનું ઉત્પાદન કરવા માટે ચાઈના સ્થિત મોટામાં મોટો જી.આર.સી. મેન્યુ ફેકચરર મેળવવો ખૂબજ મુશ્કેલ કામ હતું. (૨) વિવિધ પેનલો માટેના મોલ્ડસ બનાવવા માટે ભારતીય મોલ્ડમેકર્સને ચીન મોકલવા. (૩) તૈયાર થયેલ પેનલોને દરિયાઈ માર્ગે ન્યુઝીલેન્ડ મોકલવી. (૪) તૈયાર કરેલ પેનલ્સને એક મીટરના હજારમાં ભાગ જેટલી ચોક્કસાઈ સાથે ફીટ કરવી. (૪) તમામ જી.આર.સી. કામ મીલીમીટર જેટલા સૂક્ષ્મતમ માપ સાથે એકજ લાઈનમાં યોગ્ય ગોઠવણી અત્યંત આવશ્યક છે. માત્ર થોડો ફેરફાર થવાથી આખી પેનલ નકામી બની જાય છે અને તેને તોડી નાખવી પડે છે.

● **પડકારોનો ઉકેલ અને નિરાકરણ :** (૧) જી.આર.સી. ક્ષેત્રમાં વિશ્વ કક્ષાની અગ્રગણ્ય કંપની દ્વારા જી.આર.સી.નું બાંધકામ, ટેકનીકલ નોલેજ અને નિપૂણતા પૂરા પાડવામાં આવ્યા. જેનો ખૂબજ સરસ લાભ મંદિર નિર્માણ કાર્યને મળ્યો. (૨) જી.આર.સી. માટેના મોલ્ડઝ બનાવવા માટે આઠ શિલ્પકારોને ત્રણ મહિના માટે ચીન મોકલવામાં આવ્યા. (૩) વિશ્વની સૌથી મોટી જી.આર.સી. કંપની દ્વારા મોલ્ડઝનું ઉત્પાદન ચીનમાં કરવામાં આવ્યું. (૪) ૪૦ ફૂટ મોટા ૨૮ જેટલા ખુલ્લા કન્ટેનરો જી.આર.સી.ના તૈયાર થયેલા માલને ન્યુઝીલેન્ડ લઈ ગયા. (૫) જી.આર.સી.ના ૫૦૦ જેટલા ટુકડાઓ, જેમાનાં અમુક તો બે ટનથી વધુ વજનના હતા, તેમને ન્યુઝીલેન્ડ લાવવામાં આવ્યા. આ વજનદાર ટુકડાઓને ઊંચકવા માટે ક્રેઈનની જરૂર હતી એટલે સ્થળ ઉપર એક હરી-ફરી શકે તેવી અને બીજી ફીક્સ કરેલી ક્રેઈન એક વર્ષ માટે ભાડે રાખવામાં આવી. (૬) આ ટુકડાઓને સ્થાપવા માટે પાંચ નિષ્ણાંત સ્થાપકોને હોંગકોંગ અને ચીનથી બોલાવવામાં આવ્યા. જેઓ ત્યાં ૧૩ મહિના સુધી રહ્યા. (૭) ૨૨ જેટલા બહારના ભાગના જી.આર.સી. ના મોલ્ડેડ ઝરુખાંનો દેખાવ આ મંદિરને ભારતીય મંદિરનો દેખાવ આપે છે. (૮) મંદિરના તમામ ઘુમ્મટો અને શિખરો જી.આર.સી. ટાઈપના બનાવવામાં આવ્યા છે.

● **મંદિરના બાંધકામનો અંદરનો ભાગ :** (ભોંયતળીયું અને દિવાલો) (૧) ૧૪,૦૦૦ ચો.ફૂટ જેટલો ગ્રેનાઈટ ભોંયતળીયા અને દિવાલોમાં લગાવવો એ એક બહુ મોટો પડકાર હતો તેમ છતાં આખું કાર્ય ગ્રેનાઈટ ફિનીશીંગ સાથે સરસ રીતે પુરુ કરવામાં આવ્યું. (૨) શિયાળાની કાતીલ ઠંડીની ઋતુમાં ગ્રેનાઈટની ઠંડીને ઓછી કરવા માટે અંડર ફલોર હીટીંગ એટલે કે ભોંયતળીયાની નીચે પૂરતા તાપમાન અને ગરમાવાની વ્યવસ્થા કરવી જરૂરી હતી અને આ કામમાં સૌર ઉર્જા સંચાલિત અંડર ફલોર હીટીંગ અદ્યતન સાધનો લગાવવા માટે આખું ભોંયતળીયું તોડવું જરૂરી હતું. આ કામ મહામહેનતે સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું. (૩) અંદરના ભાગની દિવાલોની ગ્રેનાઈટની પેનલોને લાકડામાં કંડારેલી પેનલો સાથે જોડવામાં આવી હતી અને તેમને લાકડાની કોતરણીવાળી થાંભળીઓ વડે અલગ પાડીને પ્રાચીન ભારતીય પરંપરાના મહેલનો દેખાવ આપવામાં આવ્યો છે.

● **કાષ્ટકલાની કોતરણી :** (૧) ૧૦,૦૦૦ ઘન ફૂટ જેટલું કોતરણી યુક્ત લાકડું ૪૦ ફૂટ મોટા કન્ટેનરો દ્વારા

ભારતમાંથી દરિયાઈ માર્ગે રવાના કરવામાં આવ્યું. (૨) મંદિરના નિર્માણ માટે ૧૧ જેટલા શિલ્પકારો છેલ્લા ૧૨ મહિનાથી કોતરણીને લગાવવા માટે તેમજ તેના ફિનીશીંગ માટે દિવસ-રાત સતત કાર્યરત છે. (૩) લાકડાની કોતરણી દિવાલોની પેનલો, પ્રવેશ દ્વાર, છત અને ૨૨ જેટલાં ઝરુખાંઓને અદ્‌ભુત રીતે આવરી લે છે. (૪) મંદિરના અંદરના ભાગમાં ચાર મોટા ઘુમ્મટો બનાવવામાં આવ્યા છે જેની કોતરણી અતિ સુક્ષ્મ છે. દરેક ઘુમ્મટનું વજન લગભગ ૨ ટન જેટલું છે ને દરેક ઘુમ્મટને છતથી થોડાં અલગ લગાવવામાં આવ્યા છે. (૫) આવું નાજુક કાર્ય આ ક્ષેત્રના નિષ્ણાંત આર્કિટેકટની નિપૂણતા અને સીટી કાઉન્સીલ તેમજ ફાયર ડિપાર્ટમેન્ટ જેવી સ્થાનિક સત્તાઓની વિશેષ પરવાનગી માગી લે તેવું છે.

● **સિંહાસન** : સિંહાસન ઉપર દોઢ ટન જેટલું વજન ધરાવતું કમાન આકારનું એક અદ્‌ભુત છત્ર આવેલું છે તેમ છતાં તેના આગળના ભાગમાં કોઈજ થાંભલીઓ નથી. જેથી દેવ-દર્શન વિના અડચણે થઈ શકે. અંતર્ગત સિંહાસનની ઉપર ૧૮ ઘુમ્મટો આવેલાં છે. આ સિંહાસનને તૈયાર કરવા માટે ૪૦ કોતરણીકારોએ ૬ મહિના સુધી ભારે જહેમત ઉઠાવી છે.

● **ભગવાનના લીલા ચરિત્ર** : લાકડામાંથી બનાવવામાં આવેલ વૈવિધ્યપૂર્ણ ત્રિપરિમાણીય ફિસ્કો રંગો દ્વારા દિવાલમાં સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણનું જીવનવૃત્તાંત રજુ કરવામાં આવ્યું છે.

● **ગીતોપદેશ ચિત્રણ** : હોલમાં સ્ટેજના પાછળના ભાગે લાકડામાંથી બનાવવામાં આવેલ ૨૩x૧૩ ફૂટ મોટું ત્રિપરિમાણીય ફિસ્કો પેઈન્ટીંઝ દ્વારા કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ ઉપર અર્જુનને ગીતાનો ઉપદેશ આપતા શ્રીકૃષ્ણનું અદ્‌ભુત ચિત્રણ કરવામાં આવ્યું છે. ભગવાન શ્રી કૃષ્ણના રથને અનેક કિંમતી ધાતુઓથી શણગારવામા આવેલ છે.

● **ગર્ભગૃહ** : દક્ષિણ ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ)ના સ્થાનિક લોકોને ભગવાન શ્રી સ્વામિનારાયણના અદ્‌ભુત-અલૌકિક લીલા ચરિત્રો અને તેમના ઉપદેશથી સંપૂર્ણ પણે માહિતગાર કરવાના હેતુથી મંદિરના ગર્ભગૃહની અંદર શરૂઆતથી લઈને છેક સ્ટેજ પાછળના ભગવાન શ્રી કૃષ્ણના ગીતોપદેશના ભિંતચિત્ર સુધી ભગવાન શ્રી સ્વામિનારાયણનું અલૌકિક જીવન વૃત્તાંત વિવિધ મૂર્તિઓની સ્થાપના સાથે રજૂ કરવામાં આવ્યું છે. જે આ મંદિરનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર છે. અનેકવિધ મૂર્તિઓનું સ્થાપન છતાં ગર્ભગૃહની અંદર કોઈજ અવ્યવસ્થા નથી.

● **મંદિરના બાંધકામની પદ્ધતિ** : મંદિરમાં મુખ્ય ત્રણ વિભાગો આવેલા છે (૧) મંદિર (૨) મેઈન હોલ અને થોડા નીચા લેવલે (૩) ફલોર હોલ. આ ત્રણેય ભાગની ડિઝાઈન એવી રીતે બનાવવામાં આવી છે કે સામાન્ય રીતે આ ત્રણેય વિભાગો અલગ અલગ રચના બનાવે પરંતુ કોઈ મોટા ઉત્સવ પ્રસંગે ત્રણેયનો એક સાથે એક વિશાળ જગ્યા તરીકે ઉપયોગ થઈ શકે.

● મંદિરમાં ત્રણ રસોડા બનાવવામાં આવ્યા છે. જેમાંથી એક મોટું રસોડું મોટા પ્રસંગો માટે, એક રસોડું દેવ માટે અને એક રસોડું ખાનગી ઉત્સવો કે પ્રસંગો માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

● પરમપૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી તેમજ સંતોના નિવાસ માટે ચાર-બેડરૂમવાળા ફલેટની વ્યવસ્થા પણ મંદિર-સંકુલમાં કરવામાં આવી છે.

● **મંદિર-સંકુલનો ભાવિ ઉપયોગ** : મંદિર-સંકુલનો ઉપયોગ ધાર્મિક પ્રવૃત્તિઓ માટે, સાંસ્કૃતિક પ્રવૃઓ માટે તેમજ એક આધ્યાત્મિક અને હેરીટેજ કેન્દ્ર તેમજ સંગીત ભાષા જેવી વિવિધ શૈક્ષણિક સેવાના હેતુસર કરવામાં આવશે.

● **મંદિર-સંકુલનું બાંધકામ-એક પડકાર** : મંદિર-સંકુલનું બાંધકામ એ તમામ બિલ્ડીંગ કોન્ટ્રાકટરો માટે એક પડકાર હતો. આ મોટા કાર્યને ન સમજી શકવાને કારણે ત્રણ મોટા કોન્ટ્રાકટર આ કાર્ય મેળવવાનું ચૂકી ગયા. છેવટે સ્થાનિક ભારતીય કોન્ટ્રકાટર શ્રી રમેશભાઈ દ્વારા આ મંદિર નિર્માણ-કાર્ય હાથ ધરવામાં આવ્યું. સ્થાનિક બિલ્ડરોના મત મુજબ ૨૫ ટાઉન હાઉસીસમાં વપરાય તેટલું લાકડું આ મંદિરના નિર્માણ-કાર્યમાં ઉપયોગમાં લેવાયું છે. તેમજ જી.આર.સી. પેનલ્સ અને તમામ લાકડાની કોતરણીયુક્ત પેનલ્સને ઉભી રાખવા માટે ટનબંધ સ્ટીલ પણ વપરાયું છે.

● **વિશિષ્ટ મટીરીયલ્સ અને કિંમતી ધાતુઓ** : દિવાલો અને છતની

પેનલ્સ તેમજ અનેક-વિધ ઘરેણાંઓ ઘડવામાં સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓનો ખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગ થયો છે.

● **પેઈન્ટસ** : લાકડાંની પેનલ્સના પેઈન્ટીંગમાં સોના અને ચાંદીમાંથી બનાવવામાં આવેલ વિશિષ્ટ પેઈન્ટસનો ઉપયોગ થયો છે. આ તમામ પેઈન્ટસ ફાયરપ્રૂફ છે અને ગમે તેવી વિપરીત આબોહવા સામે ટકી શકે તેવા છે.

આમ આપણા આ ભવ્ય અદ્વિતીય ભારતીય સંસ્કૃતિ અને સંપ્રદાયના શિલ્પ શૈલી યુક્ત મહા મંદિરમાં હરિભક્તોની મંદિર માટેની પ્રતિક્ષા પૂર્ણ થશે. ૨૦૦૮ના વર્ષમાં શ્રી નરનારાયણદેવ પીઠાધિશ્વર પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અર્ચા સ્વરૂપની પ્રાણ પ્રતિષ્ઠા શાસ્ત્રોક્ત વિધિથી ધામધૂમથી સંપન્ન થશે. અને આચાર્ય મહારાજશ્રી દ્વારા પ્રસ્થાપિત સર્વાવતારી શ્રીજી મહારાજ સ્વયં ત્યાં વિરાજમાન થઈ પોતાના હજારો ન્યુઝીલેન્ડ વસતા મૂળ સંપ્રદાયના ભક્તોના મનોરથ-સંકલ્પ પૂર્ણ કરશે. ત્યારે અહીંના પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલ અને અન્ય હરિભક્તોએ મંદિર નિર્માણ માટે કરેલો પુરુષાર્થ અને શ્રમયજ્ઞ અને પ.પૂ. મોટા મહારાજશ્રી અને વર્તમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો ઓકલેન્ડ મંદિરનો સંકલ્પ સૌને પરિપૂર્ણ થયેલો જણાશે. અહીં દર્શને આવનાર દરેક ભક્તોનું સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્રેય અને મંગળ કરી તેમનું નિશ્ચે કલ્યાણ કરશે. કારણ કે આ દેવની સ્થાપના તેમના અપર સ્વરૂપ આચાર્યશ્રી દ્વારા થઈ છે. શિક્ષાપત્રીના ૬૨ માં શ્લોક મુજબ **"અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તેજ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તેતો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી.** આમ આ આજ્ઞાનું સદાય અનુસંધાન-ખટકો રાખીને દર્શન કરવા.

સંપ્રદાયનું ગૌરવ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર શ્રી નગર- અમદાવાદમાં નિર્માણ કરાવી ને સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવ બાથમાં લઈ પધરાવ્યા ત્યારથી આરંભીને અમદાવાદ શહેરની અનેક રીતે પ્રગતિ થઈ છે. તેજ રીતે સંપ્રદાયની દ્રષ્ટિએ પણ એવા ઘણા પ્રસંગોના આપણે સાક્ષી છીએ. જે કોઈએ સર્વાવતારી નરનારાયણદેવનો આશરો લીધો છે તે સૌ આજે આર્થિક, આધ્યાત્મિક સ્તરે ઘણો વિકાસ કરી શક્યા છે. તેમાંના આપણા જ સત્સંગ પરિવારના શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના નિષ્ઠાવાન પ.ભ. સુરેન્દ્રભાઈ પટેલ (વિશાલાવાળા)નું નામ સાંભળીને પરિચય આપવાની જરૂર ન પડે. કારણ કે તેઓ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી છેક દ્વિશતાબ્દી મહોત્સવ, રજત-સુવર્ણ જંયતી મહોત્સવ, શતામૃત મહોત્સવ, પ.પૂ. બિન્દુરાજા અને વર્તમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના લગ્ન સમારોહ, પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ આ દરેક પ્રસંગોમાં અને બીજા પણ અનેક પ્રસંગોમાં પ.ભ. સુરેન્દ્રભાઈનું ઈન્ટર રિયર ડિઝાઈનનું યોગદાન ઉડું જ્ઞાન અને માર્ગદર્શન ઉડીને આંખે વળગે તેવું છે. તેમાંય મૂળી મંદિરની હવેલીમાં તેમની સૂઝ-બૂઝ અને તેમનું ઈન્ટરરિયર ડિઝાઈનનું કામ નિહાળીને સૌ આશ્ચર્યચકિત થઈ જાય છે. હમણા તેઓશ્રીને 'વિશાલા' માટે આપણા દેશના સુપ્રસિદ્ધ અખબાર ધી ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ બે વખત એવોર્ડથી સન્માનિત કરીને એક સત્સંગી તરીકે તેમનું વિશેષ ગૌરવ ગરિમા વધાર્યું છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉપરોક્ત સમાચાર જાણીને તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે અંતઃકરણ પૂર્વકના આશીર્વાદ પાઠવે છે.

સર્વાંગસુષમા

"અમે તો જીવના ગુના માફ કરવા બેઠા છીએ"

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

શ્રીજી મહારાજ એક સમયે ઘોડા ઉપર વિરાજમાન થઈને વિચરણમાં નીકળ્યા. સાથે કાઠી-દરબારોનો સંઘ હતો. "આજે તમારે કઈ તરફ જવાનો વિચાર છે ? ગુજરાત તરફ કે કચ્છ તરફ ?" શ્રીજી મહારાજે સાથેના દરબાર સખાઓને પૂછ્યું. "મહારાજ, ગુજરાતનાં ગામડાં તથા ભક્તો જોવાં છે. વળી વડતાલમાં તો આપણું સ્થાન છે, માટે એ તરફ જઈએ." ભક્તોએ રુચિ બતાવી.

મહારાજ સમેત સંઘ આખો કીર્તન-વાતો અને આનંદ કિલ્લોલ કરતો ગુજરાત ભણી જઈ રહ્યો હતો. સાત-આઠ ગાઉ ચાલ્યાં ત્યાં શીરામણનો સમય થયો.

"મહારાજ ! હવે તો ગાડું અટક્યું છે. છાશ જેવું કાંઈક પિવડાવો. એક ડગલુંય હવે ચલાય તેમ નથી. આ ઘોડાઓ પણ થાક્યા છે. અમારે તો ઉઠીને તરત રોટલો જોઈએ. આ તમારા સંગે થોડા સુધર્યા છીએ. પણ છાશ તો હવે જોઈએ." સખાઓએ હસતાં હસતાં મહારાજને શીરામણની જોગવાઈ માટે પૂછયું.

"જો તમારે છાશ પીવી હોય તો થોડી ધીરજ રાખો. નજીકના ગામમાં એક પટેલ અમારા સત્સંગી રહે છે. તેને ઘેર જઈએ" મહારાજે ધરપત આપી.

ભગવાન ભક્તવત્સલ હોય છે. કોઈપણ જીવ એમના યોગમાં આવે અને જીવનનું અંતિમ ધ્યેય સિધ્ધ કરે એ જ એમની ઈચ્છા હોય છે. સહજાનંદજી સ્વામી ભક્તો સાથે હેત કરતા. અને એમને પોતાની સાથે બાંધી રાખતા-હેતની દોરીએ.

"સારું તમે અહીં જ બેસો. અમે એકલા સામેના ગામમાં જઈએ છીએ અને પટેલના ઘેર જઈ છાશ પાણીની વ્યવસ્થા કરીએ છીએ." એમ કહી મહારાજ એકલા જ માણકી ઉપર સવાર થઈને એ ગામમાં ગયા.

સત્સંગી પટેલે ઘરમાં રોટલા ઘડીને તૈયાર કરાવેલા હતા. બપોરના સમયે ઠાકોરજીને થાળ ધરાવી સહકુટુંબ ખેતરના માણસો સાથે ભોજન કરીશું એવી ભાવનાથી રોટલા તૈયાર રાખ્યા હતા. એવામાં અચાનક ભગવાન સ્વામિનારાયણને ઉભેલા જોઈને પટેલ આશ્ચર્ય પામ્યા.

"અહો, અત્યારે અહીં એકલા ક્યાંથી ? પધારો થાળ તૈયાર છે." પટેલે પ્રેમથી કહ્યું.

"અમારે એકલાને ન જમાય. સાથે કાઠી દરબારોનો સંઘ પણ છે." "એ બધાયનું થઈ રહેશે મહારાજ. અમારે કણબીને ત્યાં છાશ રોટલા તો કાયમ વધે."

પટેલે સમો ઓળખી ગયા. પ્રગટને વધાવવાનો, મૂર્તિમાન શ્રીહરિને જમાડવાનો, અક્ષરધામના મુક્તો (કાઠી દરબારો) નો સમાગમ કરવાનો. પટેલ તો મહારાજની મૂર્તિને અંતરમાં ઉતારતા ગયા અને કહેતા ગયા, "બીજે જવાના હો તો તે બંધ રાખી મારે ત્યાં પધારો. અહીં જમો ને જમાડો. આપ અને મુક્તો મારે ત્યાં પધારશો એવી તો કલ્પના પણ નહોતી ! એમ કહી મહારાજને ઓશરીમાં ઢોલિયા પર બેસાડી ભક્તોને લેવા દોડ્યા."

નિષ્ઠાનો અને સ્નેહનો ખપ હોય એ તો સમય ને પારખી જાય. પટેલ ન તો ખેતરે સંદેશો આપવા ગયા કે ન તો ઘરમાં પત્નીને પૂછવા ગયા. વચ્ચે બીજા ગોટા વાળવા એ રોકાયા નહિ અને દોડીને કાઠી-દરબારોને પ્રેમપૂર્વક ઘેર લઈ આવ્યા. ઘોડાઓને પાવરો-રજકાની વ્યવસ્થા કરી. ભગવાન સ્વામિનારાયણને બાજોઠ ઉપર બિરાજમાન કર્યા અને કાઠી ભક્તોને પણ પંક્તિમાં સ્નેહપૂર્વક બેસાડ્યા.

શ્રીજી મહારાજને રોટલો તથા શાક પીરસ્યાં. ભક્તોને પણ તાંસળીમાં રોટલો પીરસ્યો. સફેદ શેરડીનો ગોળ હતો તે લાવ્યા, છાશ પણ પીરસી. આ વખતે શિયાળામાં ત્રણ ઘાડવા ઘી ભેગું થયું હતું. પટેલને થયું કે આ ઘી જો ભક્તોના કામમાં ન આવે તો શા કામનું ? પટેલ તો ઘાડવો ઊંચકીને બહાર આવ્યા.

પરંતુ પટેલના ઘરવાળાં ને સત્સંગ

નહોતો. પટેલ ઘીનો ઘાડવો લઈને જેવા બહાર આવ્યા કે ઘરમાં બાઈએ કલેશ શરૂ કર્યો. "આ મફતિયાઓને શું જમાડો છો ? ટાઢ અને તડકો તો જાણે એ લોકો જ વેઠે છે ? ઘરમાં છોકરાંઓને તો પૂછતા નથી. વલોણાં ફેરવી-ફેરવી ને હાથમાં ફોલ્લા પડે છે ત્યારે ઘી થાય છે. આ બધા ઘોડા જેવાઓને બધું નીરી દેવા માટે નથી." એમ કહી ઘીનો ઘાડવો મુકાવવા કોશિશ કરી.

પટેલ સમજી ગયા કે અત્યારે પત્ની સાથે ચર્ચાની કે સમજાવવાની જરૂર નથી એમાં કશો ફાયદો પણ નહોતો.

મારે તો એ સગાં વહાલાથી પણ અધિક છે માટે તેઓને ઘી જરૂર જમાડીશ. એમ કહી ઘાડવાની પકડ વધારી.

"મૂકો છો કે નહીં ?" એમ કહી બંને હાથે કાંઠલો ખેંચી બાઈએ જોર કર્યું. પણ કાંઈ વળ્યું નહીં. ઘાડવો પટેલના હાથમાં રહી ગયો અને કાંઠલો બાઈનાં હાથમાં ! ઘરમાં આખું વરસ ચાલે તેટલું અનાજ હતું છતાં સત્કાર્યમાં વાપરવાનો બાઈનો જીવ ચાલતો નહોતો. બાઈ તો રીસાઈને બીજા ઓરડામાં ચાલ્યાં ગયા.

પટેલે તો સૌને ભાવપૂર્વક જમાડ્યા. "જેના સંકલ્પ માત્રથી અનંત કોટી બ્રહ્માંડો તૃપ્તિને પામી જાય એ પુરુષોત્તમ નારાયણને મારાં છાશ કે રોટલાંની શી પડી હોય ? એ તો મારો ભાવ પૂરો કરવા આવ્યા છે." પટેલે સૌને ખૂબ ઘી જમાડ્યું. જમાડ્યા પછી શ્રીહરિનું પૂજન કર્યું. કાઠી દરબારો પણ ભોજન પામી ખૂબ રાજી થયા.

મુખવાસ લઈ મહારાજ તથા કાઠી દરબારોએ વિદાય લીધી. પટેલે સૌને ભાવભીની વિદાય આપી. "બસ મહારાજ ! આવોને આવો હેત-ભાવ હરહંમેશ અમારા ઉપર રાખજો." એમ કહી પટેલ ગળગળા બન્યા. મહારાજે હેતપૂર્વક પટેલના માથે હાથ મૂક્યો.

"મહારાજ આવું તો અમે કદી જમ્યા નથી. આવી છાશ તો આજે જ પીધી. કોઠા ટાઢા થઈ જાય એવી છાશ હતી ! અરે ઘીની સોડમ હજુ ગઈ નથી. કહેવું પડે હો ! ખરેખરા હરિભક્ત છે એ પટેલ ! આવું ને આવું છેક સુધી જમાડતા રહેજો મહારાજ" એમ કહી કાઠી દરબારો આનંદમાં આવી આગળ વધવા લાગ્યા.

"હરિભક્ત બહુ સારા પણ એમનાં ઘરવાળાંને ઓળખો છો ? તમને ગોળ ઘી જમાડ્યા, તેમાં પટેલને કેવી મુશ્કેલી વેઠવી પડી. તેની ખબર છે ? પટેલ ઘીનો ઘાડવો લઈને આવતા હતા ત્યારે ઘરવાળા આડાં પડેલાં એ મફતનું ખાનારાઓ માટે આ ઘી નથી માટે મૂકી દો. એમ કહી મુકાવવા માટે ઘણાં પ્રયત્નો કર્યા. છેવટે પટેલે ઝાપટ મારીને ઘાડવો લઈ લીધો. ઉપરનો કાંઠો બાઈ પાસે રહ્યો !" મહારાજે ફોડ પાડ્યો.

થોડા વર્ષો બાદ એ બાઈનો અંત સમય આવ્યો. તેના મૃત્યુ સમયે ભગવાન સ્વામિનારાયણ ઘાડવાનો કાંઠો લઈને સામા આવ્યા. બાઈએ એમને ઓળખ્યા. ભૂતકાળની સ્મૃતિ થઈ આવી. "મહારાજ ! તમારા ભક્તો માટે મેં લોભ કર્યો હતો છતાં મને ધામમાં લઈ જવા આવ્યા ?" બાઈની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

"અમે તો જીવના ગુના માફ કરવા બેઠા છીએ. અવગુણનો ચોપડો કદી જોતા નથી. ભાવે-કભાવે અમને જે સંભારે છે તેનું કલ્યાણ કરીએ છીએ." એમ કહી સ્વામીશ્રી સહજાનંદજી મહારાજે બાઈને દિવ્ય ગતિ આપી.

શરણાગત પાપ પર્વતમ્,
ગણયિત્વા ન તદિય સદ્‌ગુણમ્,
અણુ મપ્ય તુલં હિ મન્યતે,
સહજાનંદ ગુરુ ભજે સદા.

નવું પ્રકાશન

વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામી વિરચિત સ્નેહગીતાના આધારે "સ્નેહગીતા કથામૃત" નામે એક પુસ્તકની રચના શાસ્ત્રી હરિકેશવદાસજીએ કરી છે. જેનું પ્રકાશન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી થયું છે.

અને ગાંધીનગર સેકટર-૨૩ ના આપણા મંદિરના મહોત્સવ પ્રસંગે પરમ પૂજ્યપાદ મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે તે પુસ્તકનું વિમોચન થયું છે.

પોતાના ઈષ્ટદેવ પ્રત્યે પ્રેમલક્ષણા ભક્તિની દૃઢતા કરવા માટે આ પુસ્તક આત્મસાત કરવા જેવું છે. આપણા અમદાવાદ મંદિરના સાહિત્યકેન્દ્ર પરથી આ પુસ્તક પ્રાપ્ય છે.

સત્સંગ ભાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

અક્ષર ઓરડીની વાત

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ હરે.... સંવત ૧૮૮૦ ના કાર્તિક વદી એકાદશીના દિવસે સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં વિરાજમાન થયા હતા....

મંદિરમાં કથા-વાર્તા ચાલતી હતી. એમાં સંત વચનામૃત વાંચતા હતા. આગળ મોટી સંખ્યામાં હરિભક્તો બેઠા હતા. વચનામૃતમાં એવો પ્રસંગ આવ્યો કે - કોઈ રાજા હોય તેના જે ગોલાને ગોલીઓ હોય તેને રહેવા માટે સાત માળની હવેલી હોય, બાગ-બગીચા, ઘોડા ને વેલ્યો હોય, અત્યારની ભાષામાં કહીએ તો મોટા ફાર્મ હાઉસને મોંધી ગાડીઓ હોય, અઢળક સંપત્તિ હોય તો એ રાજાનો દરબાર, તેના મહેલો, તેની જાહોજલાલી કેટલી હશે !

એમ જેમની આજ્ઞામાં રહેલા ઈન્દ્રાદિક દેવોના જે લોક તેના સુખ-વૈભવ અપરંપાર હોય છે. તો "જેના રોમ સુચ્છિદ્રમાં અણુસમાં બ્રહ્માંડ કોટી ફરે." જેના એક એક રોમમાં અનંત કોટી બ્રહ્માંડો સમાયેલાં છે. એવા ભગવાનની મોટાઈ કેવી હશે એનો વિચાર તો કરો ! મિત્રો ! એવા સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ કેવો હશે ! પ્રભુ એક આંગળી ઉંચી કરે તો પોતાનું જીવન સમર્પી દે, સર્વસ્વ સમર્પી દે તેવા હજારો ભક્તો હતા. પણ સ્વામિનારાયણ ભગવાને પોતાને રહેવા માટે શું બનાવ્યું ? કશું જ નથી બનાવ્યું.

પ્રભુની ઈચ્છા અને વચનથી અમદાવાદ, મુળી, ભુજ, વડતાલ, ગઢડા, જૂનાગઢ, ધોલેરા, ધોળકા, જેતલપુર વગેરે મહાનગરોમાં મોટાં મોટાં મંદિરો થોડા જ વર્ષોમાં બની ગયા. સંવત ૧૮૭૮ થી લઈ સંવત ૧૮૮૫ સુધીમાં જયજયકાર સાથે આટલા મહામંદિરો બન્યા, પણ સ્વામિનારાયણ ભગવાને પોતાને રહેવા માટેનું સ્થળ બનાવ્યું નહિ. જેને આપણે "અક્ષર ઓરડી" કહીએ છીએ એ અક્ષર ઓરડી કેવી હતી ? આપણા સંપ્રદાયના શાસ્ત્રોમાં લખ્યું છે કે, નીચે લીંપણ હતું. માટીમાં ચણેલી ઈંટો હતી. કાઠીયાવાડમાં ચણતરમાં પથ્થરનો ઉપયોગ કરે છે એટલે પથરાની કાચી દીવાલો ઉપર દેશી નળીયા હતાં. ફેકટરીમાં બને છે એ નળીયા નહીં. જાત મહેનતથી પ્રજાપતિઓ બનાવે છે. એ દેશી નળીયા ! વાંસની ખપાટો ઉપર ગોઠવેલાં હોય. તો આવી હતી. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની "અક્ષર ઓરડી". પ્રભુએ પોતાને રહેવા માટે કોઈ સગવડ કે વિશિષ્ટ સાનુકુળતાઓ કશી જ ઉભી કરી ન હતી.

એકવાર એક બનાવ બનેલો. ઉનાળાની ગરમી પડે એટલે નળીયા તપી જાય. નીચે ગરમી આવે એટલે પાર્ષદોએ નળીયા ઉપર ઘાસ નંખાવ્યું. શ્રીજી મહારાજે કાંઈ વિરોધ ન કર્યો. કાંઈ નહીં, સારૂં. પછી તો એ બધામાંથી કોઈક હરિભક્તે, કોઈક પાર્ષદે અને કોઈક સંતે બધાએ મળીને વિચાર્યું. આ ઠીક ન કહેવાય. મહારાજને અહીં કાયમ તકલીફ પડે છે. ઉનાળાની પ્રખર ગરમીમાં આપણે બધા મળીને એક કામ કરીએ. ચુનાનું પાકું મકાન કરી નાખીએ તો સારૂં. આ વાત સાંભળી હરિભક્તો રાજી થઈ ગયા. બહુ સારૂં, હાજર રહેલા સત્સંગીઓ એ પૈસા આપવા માંડ્યા. કોઈકે સો રૂપિયા આપ્યા. સૌ કોઈએ યથા શક્તિ લખાવ્યું એ જમાનામાં સો રૂપિયા મોટી માતબર રકમ ગણાય. અને મોટું દાન ગણાય.

આ વાતની સ્વામિનારાયણ ભગવાનને ખબર પડી. પૂછ્યું પણ ખરૂં, આ શાના પૈસા કાઢો છો ? ભક્તો કહે, "હે મહારાજ ! અક્ષર ઓરડી પાકી કરવી છે." આવું તમને કોણે કહ્યું ? તો ભક્તોએ કોઈ સંત-પાર્ષદનું નામ આપ્યું. સ્વામિનારાયણ ભગવાને કહ્યું. પાર્ષદો જાવ, એમને બોલાવી લાવો. બોલાવી લાવ્યા એટલે મહારાજે તેમને કહ્યું, "કેમ ? તમને આ અક્ષરઓરડી પાકી કરવાનો વિચાર જ કેમ આવ્યો ?" અને પ્રભુએ કહ્યું, જેની પાસેથી પૈસા લીધા હોય તે બધાને ગણીગણીને તે રકમ પરત કરો.

પ્રભુએ કહ્યું, "આ જે છે એ જ ઓરડી અમારે બરાબર છે." મહારાજની આજ્ઞા થઈ એટલે એ પ્રમાણે

બધાને રૂપિયા પાછા આપી દીધા. પણ મહા પ્રભુની આ અજોડ સાદાઈ, આવું નિર્લેપપણું સમજવું કઠીન છે. આ સ્વામિનારાયણ ભગવાનના વચનોમાંથી જ એનો જવાબ આપણને મળી શકે છે. કે જ્યાં સાક્ષાત્ અક્ષરધામના અધિપતિ બિરાજતા હોય ત્યાં અક્ષરધામનું મધ્ય છે. ભક્તોને સાદી લાગતી નળીયાવાળી એ અક્ષર ઓરડી નહી પણ પ્રભુનું દિવ્ય અક્ષરધામ છે. માટે પ્રભુએ તેને બદલવાની ના પાડી. અને સાથે સાથે પ્રભુના જીવન ઉપરથી સાદાઈના પાઠ પણ આપણને શીખવા મળે છે. કરૂણાનિધિની કેવી કરૂણા ?

(નિર્ગુણદાસ સ્વામીની વાતોના આધારે)

●

મૌન વધે કે ભજન વધે ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)


મિત્રો ! શરીરમાં અશક્તિ જણાતી હોય તો શું કરવું પડે ખબર છે ? શરીરને પોષણ યુક્ત આહાર આપવો પડે. તો મનની અશક્તિ દૂર કરવાનો ઉપાય શું ? તમે જાણો છો. ક્યારેક માણસનો સ્વભાવ જવાબદારીથી તનાવ યુક્ત બની જાય છે. તો ક્યારેક અતિશય થીડીયો (ક્રોધી) સ્વભાવ બની જાય છે. ક્યારેક મન ચંચળ બની જાય છે. આ બધી મનની અશક્તિઓના લક્ષણ છે. તો તેની દવા શું કરવી તમે જાણો છો ? નથી જાણતાને, તો સાંભળો. જીંદગીમાં મૌન રાખતા શીખવું. આ વાત સંતો એક દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે.

એક સંગીતકાર બહુ પ્રખ્યાત હતો. એ વીણા વગાડે એટલે ચારે બાજુથી શ્રોતાઓ ઉમટી પડે. મોટાં મોટાં શહેરોમાં રંગમંચો ઉપર એમના કાર્યક્રમો ગોઠવાતા. પૈસા બહુ મળતા. એકવાર પૈસાના પોટલા બાંધી એક હાથમાં વીણા અને ખભે પૈસાના પોટલાં ઉપાડી સંગીતકાર પોતાના વતનમાં જવા ઉપડ્યો. જંગલમાંથી પસાર થતો હતો. ત્યાં ચાર ચોર સામા મળ્યા. ભાલાને છરા કાઢીને કહ્યું, મૂકી દે હેઠું. બધું લઈ લીધું. પૈસા તો બધા લઈ લીધા. પણ વીણાય ખેંચી લીધી. એટલે કલાકાર પોક મૂકીને રડવા મંડ્યો. માથાં ઘસવા મંડ્યો. જમીન ઉપર આળોટવા મંડ્યો. હાથવોય કરવા મંડ્યો.

ચોર લોકોને દયા આવી કે આપણે બધું જ લઈ લીધું છે. તેમાંથી થોડું પાછુ આપીએ. એટલે પાછા આવીને કહે, "લે હવે, તારી વાટ ખર્ચી જેટલું આપી દઈએ છીએ. "ચાલ ઉભો થા, આ પચાસ રૂપિયા લઈ લે." મારે રૂપિયા નથી જોઈતા." કલાકાર જોર જોરથી રડવા માંડ્યો. "તો તારે શું જોઈએ છે ?" મારી વીણા પાછી આપી દો. રૂપિયા નથી જોઈતા." પણ વીણામાં શું બળ્યું છે ! રૂપિયા લઈ જા તો ઘર ભેગો થઈશ." "મને તો મારી વીણા જ આપો." એટલે પેલા ચોર કહે, "આપણે સાંભળેલું કે કલાકારો બધા ધૂની હોય ને મૂરખ હોય છે. એ વાત બિલકુલ સાચી નીકળી. હવે પૈસા આપીએ છીએ એ લેતો નથી ને વીણાનું બે તાર બાંધેલુ ડબલું માગ્યા કરે છે. હવે આપી દેને, આપણે શું કરવાની છે !"

પછી ચોર લોકોએ વીણા આપી દીધી. જ્યાં કલાકારને વીણા હાથમાં આવી એટલે તર્ત જ તાર એડજસ્ટ કરી અને સંગીત શરૂ કર્યું. એવું સંગીત તારમાંથી પ્રગટ્યું કે ચોરના પગ અટકી ગયા. અહા. કેટલું સરસ વગાડે છે ! ચાલો, પા કલાક બેસીએ. અને બેઠા. સંગીતકારે વીણામાંથી એવા સ્વર છેડ્યા જે સાંભળીને ચોર લોકોએ તેનું ધન તો પાછું આપી દીધું. પણ બીજેથી લૂંટી લાવ્યા હતા એ પણ આપી દીધું. અમારા તરફથી આ બધું સપ્રેમ ભેટ. શાબાશ દોસ્ત, આજે તો તેં શું સંગીત સંભળાવ્યું.

મિત્રો ! જેમ વીણાનું સંગીત, એમ મૌનનું પણ એક દિવ્ય સંગીત હોય છે. એ મૌન સંગીતમાં એટલી શક્તિઓ ભરી છે કે તમારી વેડફાયેલી શક્તિઓ પાછી આવી જશે. એમ પેલા ચોર ધન લૂંટી ગયા તેમ આપણી શક્તિઓ કોણ લૂંટી જાય છે ? કામ, ક્રોધ, લોભ, આ બધા મહાન ચોર છે. મનની (આત્માની) શક્તિઓને લઈને જતા રહે છે. તમે એ ચોરને સામાં થશો તો હારી જશો. મૌન પાળો. એ મૌન એવું સંગીત છે કે લૂંટાયેલી શક્તિઓ પાછી આવી જાય છે. ઘરમાં થતા કલેશ - કંકાશથી બચવા - વ્યવહારિક જવાબદારીના તનાવથી બચવા અને જીંદગીમાં શાંતિથી જીવવા માટે મૌન જ એક મહાશક્તિ છે. જે મનની અશક્તિ દૂર કરે છે. અને "મૌનથી પણ શ્રેષ્ઠ ઈષ્ટદેવનું ભજન છે." સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે, "જ્યારે મન અશાંત હોય, ગુણના વેગ ચાલતા હોય, ત્યારે ઉંચે સ્વરે ભગવાનની ધૂન્ય કરવી. ભજન કરવું," તો ગમે તેવા ત્રિવિધ તાપમાં વ્યથિત થયેલા મનને પરમ શાંતિ અને પરમ સુખની અનુભૂતિ થશે.



ભક્તિ સુધા

ઘનશ્યામ બહુ ચમત્કારિક છે

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા

અયોધ્યામાં ધર્મપિતાના ઘરની પાછળ મહાદેવનું મંદિર હતું. એક દિવસ ઘનશ્યામ મહાદેવનાં દર્શન કરવા ગયા. દર્શન કરતા હતા તે દરમ્યાન દેવીબક્ષ નામનો એક કાયસ્થ શંકર ભગવાન પાસે પ્રાર્થના કરીને ન માગવાની વસ્તુ માંગતો હતો. ઘનશ્યામે એ સાંભળ્યું તે સાંભળી તેઓ ઉદાસ થઈ ગયા. તેમને ઘર છોડી તપ કરવા જવાનું મન થઈ ગયું. તેમને થયું, "જગતમાં કેટલાય આવા અજ્ઞાની જીવો હશે. બધાને ઉપદેશ આપી, મારે તેમનું કલ્યાણ કરવું છે." એમ વિચાર કરતાં કરતાં ઉદાસ મને ઘનશ્યામ ઘરે આવ્યા.

ધર્મપિતાએ તેમને ઉદાસ જોયા. એટલે ધર્મ પિતાએ પૂછ્યું, "ઘનશ્યામ, તમે આજ ઉદાસ કેમ જણાવ છો ?" ઘનશ્યામે તરત જ હસીને જવાબ આપ્યો, "ના રે, હું કાંઈ ઉદાસ નથી." એમ કહીને વાત ઉડાવી દીધી.

બીજે દિવસે ઘનશ્યામ વિદ્યાકુંડના મંદિરે દર્શન કરવા ગયા. ત્યાં વ્રજવિહારી નામનો એક આંધળો બ્રાહ્મણ પૂજારી હતો. તેને આખું રામાયણ અને મહાભારત મોઢે હતું. તેથી તે મંદિરમાં બેઠો બેઠો રામાયણની કથા કરે. કેટલાક ભક્તો કથા સાંભળતા હતા. કથામાં "રામચંદ્ર ભગવાન ચૌદ વર્ષનો વનવાસ ભોગવવા ઘર છોડી જાય છે" એ વાત આવી.

રામચંદ્ર પ્રભુના ગૃહત્યાગની વાત સાંભળી ઘનશ્યામને ફરીથી ઘર છોડીને વનમાં તપ કરવા જવાનો વિચાર આવ્યો. ઘનશ્યામે કથા બંધ કરાવીને વૈરાગ્ય સંબંધી પ્રશ્નો તે વ્રજવિહારી બ્રાહ્મણને પૂછયા. બ્રાહ્મણે કહ્યું, "કથામાં પ્રશ્ન પૂછો છો તો કથામાં ખલેલ પડે છે, માટે કથામાં પ્રશ્ન પૂછશો નહિ. મારે ઘેર આવીને પૂછજો. હું બધા જવાબ આપીશ." બ્રાહ્મણનો આવો ઉત્તર સાંભળી ઘનશ્યામ ઉદાસ થઈ મંદિરની બહાર નીકળી ગયા. અને મંદિરના ઓટલા પર જઈને બેઠા. કથામાં બેઠેલા બધા ભક્તો ઘનશ્યામ મહારાજને સારી રીતે ઓળખે. એમના ઘણા ચમત્કારો બધાએ જોયેલા. અને એટલે ઘનશ્યામ ને ભગવાન જેવા સમજે.

બધા ભક્તોએ વ્રજવિહારી બ્રાહ્મણને સમજાવ્યું, "મહારાજ તમે આ ઠીક નથી કર્યું. તમે ઘનશ્યામ પાસે જાઓ. ભલે તેઓ બાળ સ્વરૂપે દેખાય છે. પરંતુ બહુ ચમત્કારિક છે. અરે ! એ તો ભગવાન છે. તેમના આશીર્વાદ લો. ઘનશ્યામને ઉદાસ ન કરશો."

બ્રાહ્મણને પોતાની ભૂલ સમજાઈ. પોતાના શિષ્યનો હાથ પકડીને મંદિર બહાર ઓટલા પાસે બેઠેલા ઘનશ્યામ પ્રભુ પાસે આવ્યો. ઘનશ્યામ પ્રભુનાં ચરણ પકડીને કહે, "હે ઘનશ્યામ ! તમે તો સ્વયં ભગવાન છો. મને માફ કરી દો. તમે તો ચમત્કારિક છો. બસ ભગવાન મને આંધળાને દેખતો કરો. હું ભગવાનનું ભજન કરીશ. પૂજા કરીશ કથા વાંચ્યા કરીશ, મારો ગરીબનો ઉદ્ધાર કરો. કૃપા કરીને મને આશીર્વાદ આપો અને મને દેખતો કરો."

ઘનશ્યામ મહાપ્રભુને ગરીબ વ્રજવિહારી બ્રાહ્મણની દયા આવી. માથે હાથ મૂકીને કહે, "હે પૂજારી ! જુઓ તો ખરા તમે તો બધું જ જોઈ શકો છો. નિરાશ ન થાવ." ઘનશ્યામનાં વચનો સાંભળી જેવા એ બ્રાહ્મણે જોયું તો સામે જ સાક્ષાત્ ભગવાન સ્વરૂપે ઘનશ્યામ ને દીઠા ! રામકથા કરતાં કરતાં બાળ રામચંદ્રનું જેવું સ્વરૂપ એમણે અંતરમાં ઉતારેલું. જાણે સાક્ષાત્ રામચંદ્ર ભગવાન બાળ સ્વરૂપે સામે ઉભા છે એવી અનોખી પ્રતિતિ વ્રજવિહારી ને થઈ. હવે વ્રજવિહારી બ્રાહ્મણ બધું જ સ્પષ્ટ જોઈ શકતો હતો. પાસે ઉભેલા બીજા ભક્તોને પણ ઘનશ્યામમાં રામચંદ્ર ભગવાનનાં દર્શન થયાં.

ઘનશ્યામનો આવો ચમત્કાર નિહાળી સૌ આશ્ચર્ય પામી ગયા. બ્રાહ્મણ ઘનશ્યામ પ્રભુના ચરણમાં પડ્યો, આશીર્વાદ લઈ પગે લાગી રાજી થઈ ઘરે જવા માટે પગ ઉપાડ્યા.

"ઘનશ્યામ બહુ ચમત્કારિક છે." જન્મથી આંધળો એવો વ્રજવિહારી બ્રાહ્મણ આજે દ્રષ્ટિ તો પામ્યો પરંતુ ઘનશ્યામને મહા પ્રભુ તરીકે જાણ્યા એવી દિવ્ય દ્રષ્ટિ પણ પામ્યો !

●

હમીર સરોવરનો મહિમા

- પટેલ રેખાબેન કિર્તીકુમાર

શ્રીહરિ હમીર સરોવરમાં સ્નાન કરવા માટે જુદાં જુદાં આરે સંતો સહિત નિત્ય પધારતા. હમીર સરોવરમાં સ્નાન કરી નારાયણ બાગમાં પધારે અને ત્યાં આંબલીના વૃક્ષ પાસે વેદી ઉપર વિરાજમાન થાય અને સંતો હરિભક્તોની સભા થાય.

એકવાર શ્રીજી મહારાજ આસો સુદી એકાદશીના દિવસે નારાયણ બાગમાં વેદી ઉપર બિરાજમાન હતા. સંતો હરિ ભક્તોની સભા બેઠી હતી. તે સમયે સભામાં બેઠેલા સુંદરજીભાઈએ શ્રીજી મહારાજ પ્રત્યે પૂછયું, હે ! મહારાજ પરોક્ષમાં ગંગાજીનો બહુ મહિમા છે તે શું સત્યુગમાં વામન ભગવાનના ચરણના અંગુઠાનો સ્પર્શ થયેલો તેના લીધે છે ? સર્વ અવતારના અવતારી અક્ષરધામના પતિ એવો તમોએ હમીર સરમાં સંતો સહિત અનેક વાર સ્નાન કર્યું છે. તો પછી આ હમીરસરોવરનો મહિમા કેટલો હશે તે સાંભળવાની અમારી સહુની ઈચ્છા છે. આપ કૃપા કરી હમીર સરોવરનો મહિમા અમો સર્વેને કહેવા કૃપા કરો.

સુંદરજીભાઈની પ્રાર્થના સાંભળી શ્રીજી મહારાજ મેઘ સમાન ધીર ગંભીર વાણીથી કહેવા લાગ્યા આ હમીર સરોવરને મહિમા તો શેષ નારાયણ પણ પાર પામવાને સમર્થ નથી. કિંચિત મહિમા તમારી સમક્ષ કહુ છું તે સાંભળો. આ સરોવરને કિનારે મરિચી, ગૌતમ, વશિષ્ઠ આદિ અનેક બ્રહ્મર્ષિઓ નિરંતર નિવાસ કરીને રહે છે. નવ યોગેશ્વરો સનકાદિકો શુકજી જેવા સિદ્ધો આ સરોવરમાં નિયમ પૂર્વક સ્નાન કરવા આવે છે. ઈન્દ્રાદિક દેવો પણ આ સરોવરે નિત્ય દર્શન કરવા આવે છે. કોઈ જન આ સરોવરના જળનું પાન કરે તો તેના હજારો જન્મોના પાપ નાશ પામે છે અને બ્રહ્મ લોક પામે છે. પિતૃઓ શ્રાદ્ધ કરી પિંડદાન આપનારા પિતૃઓ વૈકુંઠ ધામને પામે છે. આ સરોવર ગંગા આદિ નદીઓ તેમજ પુષ્કરાજ જેવા તીર્થમાં નિવાસ કરી રહેલા આ સરોવરની માટીનો સ્પર્શ કરવાથી યમપુરીના દર્શન ક્યારેય થતા નથી. પ્રાતઃકાળમાં આ સરોવરનું દર્શન કરવાથી સર્વ પાપ નાશ પામે છે. પ્રદક્ષિણા કરવાથી પગલે પગલે યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય, સરોવરમાં રહેતા મગર વગેરે જળચર દેહને અંતે દૈવી દેહ ને પામે. આમ આ સરોવરનો અપાર મહિમા છે.

શ્રીજી મહારાજના અમૃત વચનો સાંભળી સુંદરજીભાઈ, ગંગારામ મલ્લ વગેરે સભામાં ઉપસ્થિત હરિભક્તો ખૂબ રાજી થયાં. ઉપરાંત કેટલાક મતવાદી જનો પણ વિસ્મય પામ્યાં. કેટલાય હરિભક્તો એ દિવસથી હમીર સરોવરમાં સ્નાન કરવું. પ્રદક્ષિણાઓ કરવી, તેના કાંઠે શ્રાદ્ધ કરવું. પિંડ દાન આપવું. મૃતિકા બહાર કાઢવી વગેરે નિયમો લીધા. પછી શ્રીજી મહારાજ સંતો હરિભક્તોથી વિંટળાયેલા થકા સુંદરજી ભાઈને ઘરે પધાર્યા.

●

માયાનો ત્યાગ

- રમીલાબેન કે. મોદી (હિંમતનગર)

ગઢડા અંત્ય. ૩૯ માં વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે ભગવાનની માયા તે કઈ છે ? તો દેહને વિષે અહં બુદ્ધિને દેહના સંબંધી-પદાર્થને વિષે મમત્વ બુદ્ધિ એજ માયા. તે માયાને ટાળવી અને એ માયાને જેણે ટાળી એ માયાને તર્યો કહેવાય. એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી. એજ સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે.

સાધના વગર સિધ્ધિ મળતી નથી. આપણે ત્યાં કહેવત છે કે "સિધ્ધિ તેને જઈ વરે, જે પરસેવે નિતરી નહાય" માતા અંજનીનું સૌભાગ્ય હતું કે એના પુત્ર હનુમાનની તપશ્ચર્યા અને કર્તવ્ય નિષ્ઠાએ પ્રભુ રામ એના બારણે આવવા આર્કષાયા હતા. શકુંતલાએ એના પુત્રને એવા ધાવણ ધરાવ્યા હતા કે એનો દીકરો નાનપણમાં જ સિંહનું મોઢું ફાડીને એના દાંત ગણતો. એ હતા શૌર્યના પ્રતિક સમા મૂર્તિમંત ભરત ! સિધ્ધિ એનેજ પ્રાપ્ત થતી હોય છે જે સાધના કરે છે, આળસુ વિદ્યાર્થી પરીક્ષકને વિનંતી કરતાં કહે છે કે,

"हजारो की किस्मत तेरे हाथ है ।
अगर पास कर दे तो क्या बात है ॥"

વિદ્યાર્થીના વિકાશને ઈચ્છતો પરીક્ષક જવાબ આપે છે કે,

"किताबो की किल्ली तेरे हाथ थी ।
अगर पढ लेता तो क्या बात थी ॥"

કોઈપણ પ્રકારના વ્રત કે કરાર વગર, જીવનનો આકાર આવતો નથી.

એક રાજાને ત્રણ કુંવર હતા. રાજાને ત્યાં ખૂબ વૈભવ. રાજ્યનો મોટો

કારભાર હોવાથી રાજ્યની વ્યવસ્થા સુવ્યવસ્થિત કરવા રાજા કામમાં પરોવાયેલા રહેતા. જેથી ચારેય કુંવરોની સાર સંભાળ રાખવા માટે એક દાસી રાખી હતી. દાસીનું એકજ કામ કુંવરોને સાચવ્યા જ કરવાનું. કુંવરો જે વસ્તુ માગે તે દાસી આપે. મનગમતી ચીજ મળતાં આ કુંવરો રમવામાં મશગુલ થઈ જતા ને પોતાના પિતાને ભૂલી જતા. કુંવરો રમવામાં મશગુલ થાય એટલે રાજા પોતાના કામમાં મગ્ન બની જાય.

એક દિવસ ત્રણ કુંવરોમાંથી એક કુંવરે પોતાના પિતાના નામની બૂમો પાડી રડવા માંડ્યું. દાસી તો ત્યાં હાજર જ હતી. એટલે રડતા કુંવરને છાનો રાખવા જાતજાતની અને ભાત ભાતની અનેક વસ્તુઓ આપી પણ આ કુંવરને ભોજનની ક્યાં ભૂખ હતી ? તેણે તે બધી જ વસ્તુ આખા ઓરડામાં આમ તેમ ફેંકી દીધી. જોર શોરથી રડવા માંડ્યું. રડવાનું ચાલું રાખ્યું. દાસીએ જુદી જુદી જાતના રમકડાં આપ્યા. પણ કુંવરે લાત મારી ફેંકી દીધાં. છાના રહ્યાં નહીં. રડવાનો અવાજ સાંભળીને રાજા બધા કામ પડતા મૂકીને તરત જ આવ્યા. કુંવરને તેડી છાતી સરસો ચાંપ્યો. પિતાને જોતાંજ કુંવર શાંત થઈ ગયો.

જગતના કર્તા હર્તા એવા ભગવાનને આ જગતના સર્વે જીવો પોતાના કુંવરો સમાન છે. પ્રભુ કહે છે દરેક કુંવરની માગણીને હું કેવી રીતે પહોંચી શકું ? એટલે સૌને રમાડવા માયા રૂપી દાસીને રાખી છે. માયા દાસી સૌ જીવોને જુદાં જુદાં સાધનોથી રમાડે છે. કોઈ જીભનો ટેસ્ટી છે. કોઈ મોટર બંગલામાં મસ્ત બનીને મહાલ્યા કરે છે. કોઈ ધનની લાલચમાં કૂતરાની જેમ દોડ દોડ કરે છે. ભગવાન કહે છે જ્યારે જીવાત્મા પંચ વિષયોનો ત્યાગ કરીને પેલા કુંવરે જેમ લાત મારી રમકડાંનો ત્યાગ કરી પિતાની ઝંખના કરી એમ બધા જ વિષયનો ત્યાગ કરી મારી ઝંખના કરી મને ઝંખશે ત્યારે હું સર્વે કામ છોડીને જીવાત્માની પાસે દોડ્યો જઈશ. માયા કોઈને બાંધતી નથી. સર્વે જીવો માયામાં જાતે જ વિષય વાસનાના કારણે બંધાઈ જાય છે.

કોઈ વ્યક્તિ થાંભલાને વળગી પડે અને બૂમો પાડે કે થાંભલાએ મને ઝાલ્યો છે. એ વાત સાચી નથી. માયાને દિલથી છોડશો તો એ આપોઆપ છૂટી જશે. છતાં માયાને મનમાંથી કાઢવી એ લોખંડના ચણા ચાવવા બરાબર છે. પરંતુ પૂર્વના પુણ્યના પ્રતાપે તેમજ સંતોના સમાગમથી જેનું અંતઃકરણ શુદ્ધ થયું છે તેજ ભક્તિ કરી મને પ્રાપ્ત કરી શકે છે. માનવ દેહ જ એવો છે કે જેના દ્વારા મુમુક્ષુ ભજન, ભક્તિને ભગવત્ પ્રાપ્તિ કરી શકે છે. જગતના નાશવંત પદાર્થો પાછળની આંધળી દોટ છોડી દઈ પ્રભુની માયાનો ત્યાગ કરી પ્રભુને પામવા ને શ્રીહરિના ચરણ કમળમાં કાયમ વાસ થાય તેવા પ્રયત્નો કરવાથી માયા તરી શકાય છે.

હે યુવાનો !!

.... (અનુસંધાન પેઈજ ૫ નું ચાલુ)

તમે સતત કર્યા કરો તો સફળતા તૈયાર જ છે. તમારા અભ્યાસ ક્રમમાં પણ માનવ-જીવનનાં ઉત્થાનની પ્રક્રિયા વિશે તમે ભણી ગયા હશો. નગરો કેવી રીતે વિકસ્યા ? મનુષ્યનાં પ્રયત્નોથી જ તો ! તમારા કાર્યોમાં મગ્ન બનો. આદિ માનવથી આજની ૨૧ મી સદીના કમ્પ્યુટર યુગમાં માણસ કઈ રીતે પહોંચ્યો ? મનુષ્ય પ્રયત્નથી જ, દરેક કાર્યોમાં રૂચિ ખીલવવી જરૂરી છે. વેપાર માટે માર્કેટીંગ, સારી આવડત વાણી-વિવેક અને પ્રેમ આદર પણ એટલાજ છે જરૂરી છે. તેવી જ રીતે સત્સંગમાં આગળ વધવું હોય તો જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભક્તિની દૃઢતા કરીને મોક્ષનાં માર્ગે આગળ વધાય. નિશદિન સંત સમાગમ, શાસ્ત્ર વાચન અને દેવ-દર્શનની ટેવ પાડવી. જો સત્સંગમાં આવી રુચિ ન હોય તો ખીલવવી ખૂબ જ જરૂરી છે. *(ક્રમશઃ)*


ચરાડવા મંદિરમાં
નવા મહંત સ્વામીની નિયુક્તિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પદે સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. શા.સ્વા. નારાયણપ્રસાદદાસજી (મૂળી)ને નિયુક્તિ કર્યા છે.

સાપાવાડા મંદિરમાં
નવા મહંત સ્વામીની નિયુક્તિ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સાપાવાડા (ઈડરદેશ) મંદિરના મહંત પદે સ્વામી સત્યસંકલ્પદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજી (ઈડર મહંત)ને નિયુક્ત કર્યા છે.

?????????????????પ્રશ્નપેટી ??????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ ખોલડીયાદના રજપૂત ખેંગારભક્ત ગઢપુર શ્રીજી મહારાજના દર્શને આવ્યા ત્યારે મહારાજે શું કહ્યું અને ખેંગાર ભક્તે શું કર્યું ?

પ્રશ્ન : ૨ એક વખત મહારાજ દૂધપાકની રસોઈ સંતોની પંક્તિમાં પીરસતા હતા ત્યારે બ્રહ્માનંદ સ્વામીને મહારાજ તાણ કરવા મંડ્યા ત્યારે સ્વામીએ દૂધપાક ન લીધો. તે વખતે મહારાજે દૂધની તાંબડી લઈ સ્વામીને માથે ધાર કરી તે સમે સ્વામી કયું કીર્તન બોલ્યા હતા ?

પ્રશ્ન : ૩ ગંગાના સાત પ્રવાહના નામ જણાવો ?

પ્રશ્ન : ૪ "તમે જેમ સત્સંગ કર્યો અને સમાસ થયો તેમ બીજાને આત્મામાં સમાસ થાય તેમ તેના અંગ અને અધિકારી સામુ જોઈને વાત કરવી. તેને જે રીતે સમજાય અને સમાસ થાય તથા જ્ઞાન પચે તેમ પ્રભુને અંતરમાં ધારીને વાત કરવી. અંતે પ્રગટમાં નિષ્ઠા થાય તે જ સર્વોપરિ વાત છે અને સર્વેનું મૂળ છે." આ વાત કોણે કોને કહી છે ?

પ્રશ્ન : ૫ શ્રી નીલકંઠવર્ણીએ વનવિચરણ દરમ્યાન મેલી વિદ્યાના જાણકાર એવા કયા બ્રાહ્મણનું અભિમાન ઉતાર્યું હતું ?

પ્રશ્ન : ૬ વ્હાલાજી વહેલા આવો રે પ્રીતમ પ્યારા, પ્રિતમજી પ્યારા તમને લાગી છે મારી પ્રીત, જાણો છો સર્વે રીતિ રે..... પ્રીતમ પ્યારા" - આ કીર્તન કોણે રચ્યું છે ?

પ્રશ્ન : ૭ ભગવાન રામચંદ્રજી સહિત ચાર ભાઈઓની પત્નીઓના નામ શું હતા ?

ડિસેમ્બર-૨૦૦૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) હરિકૃષ્ણો ઘનશ્યામો, ધાર્મિકો ભક્તિનન્દનઃ । બૃહદવ્રતધરઃ શુદ્ધો, રાધાકૃષ્ણેષ્ટ દૈવતઃ (૨) સ.ગુ. ગોપાળાનંદ સ્વામી. (૩) પ્રકરણ-૨, અધ્યાય-૭, શ્લોક ૧૦૮ (૪) "માતાજી જશોદા રે, મેલો ઘર માહેર રે, કહાનજી રે મહીડું વલોવા કાજ." (૫) દૂધ અને જારનો ઠુંમરો (૬) શ્લોક - ૧૦૩. (૭) સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી.

૧. પટેલ હેલી કિરીટભાઈ (નરોડા)
૨. પટેલ સુભદ્રાબેન રમેશભાઈ (કનીપુર)
૩. કૃપાલી, જગદીશભાઈ, સચિન, હાર્દિક
૪. પ્રફુલ્લાબેન એસ. પટેલ (ઉવારસદ)
૫. સાં.યો. કોકિલાબા, ઉષાબા, શિલ્પાબા તથા શીતલબા (સુરેન્દ્રનગર)
૬. અમૃતલાલ કચરદાસ મોદી (સોજા)
૭. અંજનાબેન મનુભાઈ પટેલ (નંદોલ)
૮. કૈલાશબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૯. શારદાબેન કાંતિભાઈ પટેલ તથા સાકરબેન (નાંદોલ)
૧૦. પટેલ ગંગાબેન ભક્તિભાઈ અને ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૧૧. મેનાબેન ડાહ્યાલાલ પટેલ (જાસલપુરગામ)
૧૨. જ્યોત્સનાબેન રાજુલાલ કોઠારી (આનંદપુરા)
૧૩. ગોરધનભાઈ શંકરદાસ પટેલ (સોજા)
૧૪. શિલ્પાબેન મણીલાલ પટેલ (દહેગામ)
૧૫. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૧૬. દક્ષાબેન ધનશ્યામભાઈસોની (અમદાવાદ)
૧૭. રેખાબેન કીર્તિકુમાર પટેલ (ઊંઝા)
૧૮. વિનોદભાઈ પૂંજાભાઈ પટેલ (વહેલાલ)
૧૯. ભારતીબેન ગોરધનભાઈ વાઘેલા (જામસર)
૨૦. માધવજીભાઈ હરખજીભાઈ આદ્રોજા (મોરબી)
૨૧. ભગવાનજીભાઈ વેલજીભાઈ સોની (મોરબી)
૨૨. કંચનબેન બી. પટેલ, શૈલેષ, નિલેશ (રતનપર)

નોંધ : (૧) પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.
(૨) પ્રશ્નના જવાબ સ્વચ્છ અને વંચાય તેવા અક્ષરે લખીને મોકલાવવા અને નામ એક જવાબ પત્ર ઉપર એકજ વ્યક્તિનું હોવું જોઈએ. તેનું જ નામ અંકમાં લખવામાં આવશે.

નોંધ : પ્રશ્નપેટીના વિભાગમાં નિયમિત ભાગ લેતા ભક્તજનોને ૨૦૦૮ના નૂતન વર્ષના જયશ્રી સ્વામિનરાયણ સહ હાર્દિક શુભકામનાઓ, ધન્યવાદ.

સત્સંગ સમાચાર

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસ ધૂન મહોત્સવ

સર્વાવતારી શ્રી નરનારાયણદેવના અલૌકિક સાનિધ્યમાં અને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ૧૬ ડિસેમ્બરથી ધનુર્માસનો શુભ પ્રારંભ થયો. સમસ્ત બહેનોના ગુરુ લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રી તથા અ.સૌ. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં બહેનોને પણ અદ્વિતીય દર્શનનો મહાલાભ ધનુર્માસ દરમ્યાન મળતો હતો. પ્રાતઃ શ્રી નરનારાયણદેવની મંગળા આરતી પ.પૂ. મોટા મહારાજશ્રી નિત્યે ઉતારતા હતા. અને ત્યારબાદ વિદ્વાન સંતો કથાનો અલૌકિક લાભ આપતા હતા. હજારોની સંખ્યામાં દૂર સૂદૂરથી નાના બાળકોથી લઈ યુવાનો અને લાકડીના ટેકે ચાલતા શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મહા મંત્ર ધૂનનો મહા અલૌકિક લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું. આ વખતે તો સળંગ આખા માસની ધૂનના યજમાનોની સંખ્યા અધધધધ ..... હતી. દેશ અને વિદેશના ઈંગ્લેન્ડ, અમેરિકા, આફ્રિકા, ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ આદિ અનેક દેશોમાં વસતા આપણા હરિભક્તો ફોન દ્વારા પૂ. મહંત સ્વામી પાસે ધૂન લખાવતા હતા. દૈનિક ધૂનની સંખ્યા પણ અનેક ઘણી હતી. ખરેખર સભા મંડપમાં ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના રૂડા સાનિધ્યમાં અને પૂજનીય સંતો અને હરિભક્તોની શુભ નિશ્રામાં સર્વોપરિ ઈષ્ટદેવના મંગલ નામ ધૂનના સુમધુર સ્વરોથી તો કાલુપુરનો સમગ્ર વિસ્તાર અને પરા વિસ્તારના દરેક મંદિરોનો વિસ્તાર દિવ્ય બની જતો હતો. અમદાવાદ કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજીની પ્રેરણાથી અને કોઠારી શાસ્ત્રી રામાનુજદાસજીદાસ, વિશ્વપ્રકાશદાસ, વિષ્ણુપ્રસાદદાસ, આદિ સંત-મંડળના માર્ગદર્શન હેઠળ કોઠાર સ્ટાફના પ.ભ. ભીખાભાઈ, શ્રી કલ્પેશભાઈ અને બાપુનગરના હરિભક્તો આદિ સૌ સંત-હરિભક્તોએ ધનુર્માસમાં વિવિધ સેવાઓ ખૂબજ શ્રધ્ધા-ભક્તિપૂર્વક કરીને સર્વોપરિ શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો રાજીપો મેળવવા ભાગ્યશાળી થયા હતા. હવેલીમાં પણ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં સાંખ્યયોગી બાઈઓ અને ગ્રહસ્થ બહેનોએ મોટી સંખ્યામાં ધૂનનો લાભ લીધો હતો. ખરેખર ભગવાનનું ભજન કરવાનો આ માસ સૌ ભક્તોજનો માટે અતિ શ્રેષ્ઠ છે. રહી ગયા હોય તેમણે આગોતરૂ આયોજન કરી લેવું શ્રેયઃસ્કર છે. *(શા. ધર્મકિશોરદાસ)*

જેતલપુર ધામમાં ધનુર્માસ ઉજવાયો

જ્યાં શ્રીજી મહારાજે ઘેર ઘેર અનેક સ્વરૂપે પધારીને હરિભક્તોના ભાવ પૂર્ણ કર્યા હતા. તથા 'મા'નું બિરુદ પામેલા ગંગામા ની ગરમ-ગરમ રસોઈ જમીને ગંગામાને રાજી કરતા. આવા મહા અલૌકિક તીર્થધામમાં બિરાજમાન સંકલ્પ કર્તા મહા પ્રતાપી દેવ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના અલૌકિક સાનિધ્યમાં અને ધર્મવંશી પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. શા. મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂજ્ય પી.પી. સ્વામીની પ્રેરણાથી અને મહંત કે.પી. સ્વામીના માર્ગદર્શન મુજબ પવિત્ર ધનુર્માસમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન ૧૬ ડિસે. થી ૧૪ જાન્યુઆરી -૦૮ પર્યન્ત ધામધૂમથી થઈ હતી. જેમાં આખા માસ અને દૈનિક ધૂનના ઘણા હરિભક્તોએ યજમાન બનીને દિવ્ય લાભ લીધો હતો. ધૂનમાં સંતો અને હરિભક્તો મોટી સંખ્યામાં લાભ લેવા પધારતા હતા. *(શા. ભક્તિનંદનદાસ)*

સિધ્ધપુર નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી પવિત્ર તીર્થધામ સિધ્ધપુરમાં નૂતન ભવ્યાતિ ભવ્ય પાંચ શિખરનું મહા મંદિર સાકાર પામ્યું.

૧૪૨ વર્ષ પહેલા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ સિધ્ધપુર નગરમાં સુંદર મંદિરનું નિર્માણ કરાવીને સ્વહસ્તે શ્રી ધર્મદેવ ભક્તિમાતા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા વેદ વિધિસર કરેલી.

સમયાન્તરે સિધ્ધપુર નગરનો વિકાશ અને સત્સંગી પરિવારો પણ વધતા જતા ઉપરોક્ત મંદિર ખૂબજ ગીચ વસ્તીમાં હોવાથી અને જગ્યાની દ્રષ્ટિએ પણ નાનું પડતું હોવાથી સત્સંગીઓની વિનંતી-પ્રાર્થના સાંભળીને પ.પૂ. મોટા મહારાજશ્રીએ સ્વયં હાઈવે રોડ પરની અમદાવાદ મંદિર તરફથી સુંદર રમણીય જમીન સંપાદન કરાવીને શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીને મંદિર નિમાણ કરવા આજ્ઞા આપી.

ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રી અને વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ હરિભક્તોના સાથ સહકારથી ધ્રાંગધ્રાના સુંદર પથ્થરોનું પાંચ શિખરનું મહા મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ કર્યું. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને મૂર્તિ પ્રતિષ્ઠાના મૂહુર્ત માટે પ્રાર્થના કરી. તેઓશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૨૦-૧૧-૨૦૦૭ થી ૨૬-૧૧-૨૦૦૭ પર્યન્ત મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું શુભ આયોજન સંપન્ન થયું. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ અને ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગનું

સુંદર આયોજન થયું.

પારાયણના વક્તાપદે શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ સુંદર સંગીત સાથે હજારો ભક્તજનોને કથામૃત પાન કરાવ્યું. આ પ્રસંગે અમદાવાદ થી પ.પૂ. મોટા મહારાજશ્રી સંત-હરિભક્તોના અતિ આગ્રહ ભર્યા આમંત્રણથી ખાસ પધારીને સમસ્ત સત્સંગને રૂડા આશીર્વાદ આપીને મહોત્સવની શોભા વધારી હતી અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પણ બહેનોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા. સમસ્ત બહેનોએ તેઓશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા હતા.

તા. ૨૬-૧૧-૦૭ના શુભ મંગલ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વેદ વિધિસર ધામધૂમથી સંપન્ન થઈ હતી. જેના દિવ્ય દર્શન કરી હજારો હરિભક્તો ખૂબજ ભાવ વિભોર થયા હતા.

અમદાવાદ મંદિરના મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી જેતલપુરથી પૂ. પી.પી. સ્વામી તેમજ અમદાવાદ, મૂળી, ભુજ, છપૈયા, માણસા, ધોળકા, પ્રાંતિજ, ઉપલેટા, બિલીયા, સિધ્ધપુર, મહેસાણા આદિ મંદિરોના સંતોએ પધારી આશીર્વચનનો લાભ આપેલ. છેલ્લે સમસ્ત સંત-હરિભક્તોને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપીને મંદિરમાં નિત્યે દર્શન કરવા આવવા આજ્ઞા કરી હતી.

આ મહોત્સવમાં મુખ્ય યજમાન પ.ભ. નારાયણભાઈ ખુશાલદાસ (મોખાસણ) કથાના મુખ્ય યજમાન પ.ભ. વસંતભાઈ નારણભાઈ માધાભાઈ (બીલીયા) યજ્ઞના મુખ્ય યજમાન પ.ભ. નારણભાઈ દેવચંદદાસ સિધ્ધપુરા તેમજ પાટણ, સુરત, મુંબઈ, સિધ્ધપુર, ઊંઝા, બીલીયા અને રાજસ્થાન અને દેશ વિદેશના અનેક હરિભક્તોએ આ ઉત્સવમાં વિવિધ સેવા કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો.

આ પ્રસંગમાં દિવ્ય સ્વરૂપ સ્વામી અને સંત મંડળ તથા સિધ્ધેશ્વર સ્વામી, શા. સ્વામી ચંદ્રપ્રકાશદાસજી (બીલીયા) શા.સ્વામી શ્રીરંગદાસજી (સિધ્ધપુર જુના મંદિરના મહંતશ્રી) તથા ઘનશ્યામ સ્વામી, પૂજારી ચંદ્રપ્રકાશ સ્વામી, બ્રહ્મસ્વરૂપ સ્વામી આદિ અનેક સંત હરિભક્તોએ ખૂબજ શ્રધ્ધા ભક્તિથી સેવા કરીને શ્રીજી મહારાજ અને ધર્મવંશીનો રાજીપો મેળવ્યો હતો. *(સાધુ દિવ્યસ્વરૂપદાસ ગુરુ મહંત સ્વામી પ્રેમસ્વરૂપદાસજી)*

ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિર

સર્વોપરિ શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજના શુભ સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તથા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી દિવાળી પ્રસંગે ઠાકોરજીને વિવિધ અવનવી વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવેલ. જેના દર્શનનો ઈડર દેશના ગામોના ઘણા હરિભક્તોએ લાભ લીધેલ. *(મહંત સ્વામી સત્યસંકલ્પદાસજી, સાપાવાડા)*

હિંમતનગર મંદિરનો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી હિંમતનગર મંદિરમાં બિરાજમાન બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો ૧૮ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. વક્તા શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસ

તા. ૬-૧૨-૦૭ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક વેદવિધિસર સંપન્ન થયો હતો. જેના દર્શન માટે મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લાભ લીધો હતો. પાટોત્સવના યજમાન અડપોદરાના (હાલ મુંબઈ) અ.નિ. વૈદરાજ સોની કાંતિલાલ અંબાલાલ પારેખ તથા અનુકાંતાબેન પરિવાર રહ્યાં હતા.

પ્રાસંગિક સભામાં યજમાન પરિવારના શ્રી પ્રફુલભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી અરવિંદભાઈ, શ્રી અભિષેક તથા શ્રી હિમાંશુ આદિ સૌએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. તથા સ્થાનિક હરિભક્તો અને મહેમાન હરિભક્તોએ પણ પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

અત્રેના મહંત સ્વામી તથા પ.ભ. કે.કે. પટેલ (સ્કીમ કમિટી સભ્ય) આદિ સૌ સંત-હરિભક્તોએ પ્રાસંગિક પ્રવચન કરેલ.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પાટોત્સવના યજમાન અને સમસ્ત હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગમાં પૂજારી ધર્મકિશોરદાસ તથા હરિપ્રકાશ સ્વામી આદિ સંત મંડળની સેવા સુંદર રહી હતી. પ.ભ. દેવેન્દ્રભાઈ બી. સોની તથા હસમુખભાઈ સોનીના ઘરે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધરામણી કરીને મહા લાભ આપ્યો હતો.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)

બદ્રિનાથ શ્રી સ્વામિનારાયણ મંદિર

ભરતખંડના અધિષ્ઠાતા રાજાધિરાજ શ્રી નરનારાયણદેવ જ્યાં સદા નિવાસ કરે છે તેવી તપોભૂમિ તીર્થભૂમિ મહાન પવિત્ર તીર્થસ્થાન બદ્રિનાથ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીનો ૨૬ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત શા.સ્વામી ગૌલોકવિહારીદાસજી ની પ્રેરણાથી પ.ભ. હિતેન્દ્રભાઈ રમણલાલ પટેલ (ઉમરેઠવાળા-નડીયાદ) ના માતા-પિતા અ.નિ. રમણલાલ મોતીલાલ પટેલ તથા વિમળાબેનના સ્મરણાર્થે પાટોત્સવનું આયોજન કરેલ.

આસો સુદ-૨ ના પ્રાતઃ ઠાકોરજીનો અભિષેક પંડિત શ્રી કાશીરામભાઈ (પાલીવાલા) દ્વારા વિધિસર થયો હતો. ત્યારબાદ અન્નકૂટ-આરતી થઈ હતી. આ પ્રસંગના દર્શન અનેક યાત્રિક હરિભક્તોએ કરીને દિવ્યતા અનુભવી હતી. સંત-પાર્ષદ મંડળની સેવા પ્રશંસનીય હતી.

(વાસુદેવ પટેલ)

નારાણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-

આશીર્વાદથી તથા મહંત શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી અમરશીભાઈ પટેલ પરિવારના યજમાનપદે મારૂતિ યજ્ઞનું આયોજન સંપન્ન થયેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે યજ્ઞનો વિધિસર પ્રારંભ થયો હતો. દિવાળીના ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવેલ. ધનુર્માસમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન પ્રસંગે સવારે ૫-૦૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રી નિત્યે પધારીને હરિભક્તોને દર્શનનો લાભ આપતા હતા. આમ અત્રે નારણપુરા મંદિરમાં આવા ઉત્સવમાં હરિભક્તો દર્શન કરી ધન્યતા અનુભવતા હતા.

(સાધુ સત્યસ્વરૂપદાસ)

માલપુર (સ.ગુ. બ્રહ્મચારી વાસુદેવાનંદ સ્વામીનું જન્મ સ્થાન)

શ્રીહરિ સમકાલિન સ.ગુ. બ્ર. સ્વામી વાસુદેવાનંદજીના પૂર્વાશ્રમના જન્મ સ્થાન માલપુર શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૫ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી કારતક વદ-૧૩ ને તા. ૭-૧૨-૦૭ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ મંદિરના પ્રણેતા અ.નિ. સ.ગુ. ગવૈયા સ્વામી કેશવજીવનદાસજીના શિષ્યો ગોપી સ્વામી, હરજીવન સ્વામી તથા બળદેવ સ્વામીની પ્રેરણાથી પ.ભ. હર્ષદભાઈ એમ. પટેલ (એડવોકેટ હિંમતનગર) પરિવારે યજમાન પદનો લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. પ્રાસંગિક સભામાં સંતોએ સર્વોપરિ શ્રીજી મહારાજ અને ધર્મકુળનો મહિમા સમજાવીને સૌને સુંદર લાભ આપ્યો હતો. સ્થાનિક હરિભક્તોએ દર્શન કરી કથા વાર્તાનો લાભ લઈ કૃતાર્થ થયા હતા.

(પ્રેમસ્વરૂપ સ્વામી)

બાલાસિનોર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી બાલાસિનોર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તુલસી વિવાહ અને ત્રિદિનાત્મક જ્ઞાન યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેના વક્તા શા. વિશ્વસ્વરૂપદાસ રહ્યાં હતાં. એકાદશીના રોજ સંત-હરિભક્તોની વિશાળ હાજરીમાં ઠાકોરજીનો વરઘોડો અને તુલસી વિવાહ ધામધૂમથી સંપન્ન થયા હતા. આ પ્રસંગે પા. રમેશ ભગત અને હરિભક્તોની સેવા પ્રસંશનીય હતી. *(કોઠારીશ્રી)*

ઊંઝા શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી પંચવટી, વિસ્તારમાં બહેનોના સુંદર મંદિરનું નિર્માણ પૂર્ણ થતા મૂર્તિ પ્રતિષ્ઠાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૮-૧૦-૦૭ થી ૧-૧૧-૦૭ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે બહેનોને દર્શન આશીર્વાદનો લાભ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તા. ૧-૧૧-૦૭ ના રોજ પધાર્યા હતા. તેજ દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ગામના સમસ્ત હરિભક્તો અને સંતોએ ધામધૂમથી સામૈયુ કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વેદ વિધિસર થઈ હતી.

પ્રાસંગિક સભામાં કથાના મુખ્ય યજમાન પ.ભ. સતીષભાઈ, પ.ભ. સુરેશભાઈ અને પ.ભ. દિલીપભાઈ તથા વિષ્ણુયાગના મુખ્ય યજમાન પ.ભ. ગોવિંદભાઈ શંકરલાલ નુગરાએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સંતોની પ્રેરકવાણી બાદ સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

અહીં મંદિરમાં પ.પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી અ.નિ.સાં. ગૌરીબા તથા કંચનબા (ધ્રાંગધ્રા)ના શિષ્યો વનીતાબા અને હંસાબા ઠાકોરજીની સેવા-પૂજા કરીને બહેનોને કથા વાર્તાનો લાભ આપે છે.

(રામજીભાઈ પટેલ)

નવા વાડજ મંદિર

શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ ખાતે તા. ૧૩-૧૨-૦૭ના રોજ વચનામૃત જયંતી નિમિત્તે ભાઈઓ અને બહેનોએ સમૂહ વચનામૃત વાચન કર્યું હતું. છેલ્લે પ.ભ. નયનાબેન અને હરેશભાઈએ ઠાકોરજીની આરતી ઉતારીને દિવ્ય લાભ લીધો હતો. *(શંભુભાઈ પટેલ)*

મહુન્દ્રામાં બીજો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી, શા.સ્વામી હરિજીવનદાસજીના માર્ગદર્શન તથા પ્રેરણાથી મહુન્દ્રા મંદિરનો બીજો પાટોત્સવ કારતક વદ-૩ ના પ.ભ. હિતેન્દ્રભાઈ રમણભાઈ પટેલ (યુ.એસ.એ.) પરિવારના યજમાનપદે ઉજવાયો. આ પ્રસંગે મહાપૂજા, અભિષેક, અન્નકૂટ તથા સત્સંગ સભા યોજાઈ હતી. ઈડર, સોકલી, ટોરડા, હિંમતનગર, અમદાવાદ વગેરે સ્થાનોથી પધારેલા સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે શાકોત્સવનો પ્રસાદ લઈને સંતો-હરિભક્તો ખૂબ રાજી થયા હતા. *(મનુભાઈ માધાભાઈ પટેલ)*

મેઘાણીનગર મંદિર

મેઘાણીનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી તથા મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ)ની પ્રેરણાથી પ.ભ. રાજેન્દ્રભાઈ પરસોતમભાઈના માતુશ્રીના સંકલ્પથી તેમના પિતાશ્રીના સ્મરણાર્થે તા. ૨૬-૧૧-૦૭ થી તા. ૨-૧૨-૦૭ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પારાયણ શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજી (લાઠીદડ) ના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા. બહેનોના આમંત્રણથી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા અને ૭૦ જેટલા બહેનોને ગુરુમંત્ર આપી આશીર્વાદ આપ્યા હતા. સભા સંચાલન શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીએ કર્યું હતું. આ પ્રસંગે ઘણા સંતો પધાર્યા હતા અને અમૃતવાણીનો લાભ આપેલ. *(રણછોડભાઈ દેવાણી)*

છપૈયા ધામના દર્શને જતા ઘાટકોપર-મુલુન્ડના હરિભક્તોને થયેલ અદ્‌ભુત પરચો

ઘાટકોપર-મુલુન્ડ મુંબઈ અને પૂનાના હરિભક્તોનો સંઘ બસ દ્વારા પ્રયાગથી છપૈયા દર્શન જઈ રહ્યાં હતા. ત્યાં રસ્તામાં જંગલમાં એકાએક બસ બંધ પડી ગઈ ! એક તો જંગલ, તેમાંય ઘનઘોર અંધારૂ ! નાના બાળકો અને વૃદ્ધો બસમાં યાત્રામાં સામેલ હતા. આવા કપરે સમયે છપૈયાધિશ બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ ને અંતઃકરણથી પ્રાર્થના કરીને ધૂન ચાલું કરી. બધાની તીવ્ર ઈચ્છા બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના દર્શન કરવાની હતી. તેમાં એકાએક બે વ્યક્તિ ત્યાં આવી ચડી અને ડ્રાઈવર સાથે બસની ટેકનિકલ ખામી દૂર કરી અને બસને ચાલું કરી. ત્યારબાદ સૌ હરિભક્તો તેમનો આભાર માનવા તેમને શોધવા લાગ્યા. પરંતુ તેઓ ક્યાંય મલ્યા નહીં. જેથી સૌને ખાતરી થઈ કે આ તો સર્વોપરિ બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજે સાક્ષાત્ પરચો પૂર્યો. સૌ સુખરૂપ છપૈયા પહોંચ્યા. ત્યાં અલૌકિક દર્શન કરી સુંદર ઉતારા-પાણી વગેરે કર્યું. ત્યાં સૌને પ.પૂ. મોટા મહારાજશ્રી અને અ.સૌ. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી મોરબીના હરિભક્તોની પારાયણ પ્રસંગે પધારેલા જેથી સૌને અલૌકિક દર્શનનો મહા લાભ પ્રાપ્ત થયો. આમ આજે પણ સર્વોપરિ શ્રી બાલસ્વપરૂપ ઘનશ્યામ મહારાજ છપૈયા ધામે દર્શને જતા ભાવિક ભક્તોને અનેક સ્વરૂપે પરચા પુરીને રક્ષા કરે છે. આમ છપૈયાધામ એ સર્વોપરિ ધામ છે.

(એમ. બી. દરબાર મુંબઈ)

ભચાઉ (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બીજો પાટોત્સવ ઉજવાયો

આપણા કચ્છ-ભુજ ભચાઉ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહરાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી બીજો પાટોત્સવ ધામધૂમથી સંપન્ન થયો હતો. આ પ્રસંગે ભૂજના શાસ્ત્રી ઘનશ્યામનંદદાસે કથામૃત પાન કરાવી હરિભક્તોને દેવ, આચાર્યશ્રીનું મહિમા માહાત્મ્ય સમજાવ્યું હતું. ભુજના પૂજ્ય મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ ઠાકોરજીનો અભિષેક કરી અન્નકૂટ આરતી ઉતારી હતી. મૂળ ભચાઉના મુંબઈ વસતા અમૃતબેન લખમશી ખુથીયાના પુત્રો મનસુખભાઈ, ભગવાનભાઈ અને વાડીલાલ ખુથીયાએ સૌથી મોટો ચડાવો બોલી મંદિર અને પાંજરાપોળ માટે મોટું અનુદાન કર્યું હતું. પ.ભ. ખીમજી પુનજીભાઈ શાહ (મુંબઈ) અને બાબુભાઈ નાનજીભાઈ ખુથીયા પરિવારે સારો લાભ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન પુરાણી સ્વામી ઉત્તમચરણદાસે કર્યું હતું.

(કોઠારીશ્રી)

ગાંધીનગર (સે.-૨૩) ના આપણા સ્વામિનારાયણ મંદિરમાં અનોખા વિષ્ણુયાગ સમાપન સમારોહ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી તથા પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીની પ્રેરણાથી સે.-૨૩, ગાંધીનગરના આપણા સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૧-૧૨-૦૭ થી તા. ૨૫-૧૨-૦૭ દરમિયાન અનોખા વિષ્ણુયાગ સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અનોખા વિષ્ણુયાગના છ માસના સત્ર દરમિયાન હરિભક્તોએ છ લાખ એકસઠ હજાર માળા અને ત્રણ લાખ ચોરણું હજાર દંડવત, જનમંગલ પાઠ બે લાખ ઓગણીસ હજાર, નવ હજાર ચારસો ઈકોતેર કલાકની ધૂન્ય, સત્સંગિભૂષણ પારાયણ એકસો અઠાવન, વચનામૃત પારાયણ એકસો બ્યાસી અને ભક્તચિંતામણી પારાયણ બસો સીતેર જેટલી કરી હતી.

સમાપન સમારોહના શુભારંભે થયેલી સંસ્કાર શિબિરમાં આધ્યાત્મિક અને સામાજીક સંસ્કારની વાતમાં પૂજા, દંડવત, માળા વગેરે કેવી રીતે કરવું તથા મંદિરમાં વર્ત્યાની રીત, ઘરમાં ઠાકોરજીનો આદર તથા ઘર મંદિર વિશે માર્ગદર્શન અપાયું. એ ઉપરાંત આહાર-વિહારની કાળજી, સ્વચ્છતા, સેવા, બાળક પ્રત્યે માતા-પિતાનો વિવેક, માતા-પિતા પ્રત્યે બાળકનો વ્યવહાર, પતિ-પત્ની વચ્ચેનો સદ્‌ભાવ તથા સહુ સત્સંગીઓ પ્રત્યે કેવો સદ્‌ભાવ રાખવો તે વિશે સમજણ આપવામાં આવી હતી.

બીજા દિવસે મારૂતીયજ્ઞનું આયોજન થયું હતું. તેમાં ૧૨૫ જેટલા હરિભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાંજે પૂર્વ પ્રસંગોનું મલ્ટીમીડીયા દ્વારા નિદર્શન કરવામાં આવ્યું હતું.

ત્રીજા દિવસે ઈષ્ટદેવને કેસરજળ તથા તીર્થોના જળથી પવિત્ર શંખ વડે જનમંગલ સ્તોત્ર તથા પુરુષસુક્ત પાઠ સાથે અભિષેક કરવામાં આવ્યો હતો. પછી ૫૧ વાટોથી મહાઆરતી અને ૫૧ વાનગીઓનો અન્નકૂટ ઠાકોરજીને અર્પણ કરવામાં આવ્યો હતો. તે દિવસે બપોરે ૨-૩૦ વાગ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ડૉ. ખિલનભાઈ મણીયાર અને ડૉ. શિતલબેન મણીયારે સેવા સમર્પી હતી. દર્દીઓને દવાઓ વિનામૂલ્યે આપવામાં આવી હતી. જેમાં ૨૦૦ જેટલા ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. રાત્રી સભામાં બાળકો અને યુવાનો દ્વારા વિવિધ પ્રેરણા સભર સાંસ્કૃતિક કાર્યક્રમો થયા હતા.

ચોથા દિવસે પૂજ્યપાદ મોટા મહારાજશ્રીનું આગમન સવારે ૯-૦૦ વાગ્યે થયું. તેમના વરદ્‌ હસ્તે શાસ્ત્રપૂજન, આરતી કરી અને વિષ્ણુયાગનું સમાપન કર્યું હતું. આ પ્રસંગે કાળુપુર સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી નારાયણસ્વરૂપ સ્વામી, માજી મહંતશ્રી શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, જેતલપુર ગુરુકુળના શાસ્ત્રી સ્વામી પી.પી. સ્વામી તેમજ ટોરડા, ઈડર, સાપાવાડા, સોકલી વગેરે ધામોથી પધારેલ સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. સહુ સંતોએ શાસ્ત્રી સ્વામીની દીક્ષાની સુવર્ણ જયંતી તથા સાહિત્ય સેવાને બિરદાવી હતી. આ પ્રસંગે શાસ્ત્રી સ્વામીની કલમે લખાયેલ "સ્નેહગીતા" પુસ્તકનું વિમોચન પૂ.મહારાજશ્રીના વરદ્‌ હસ્તે કરવામાં આવ્યું હતું. પછી આશીર્વાદ આપતા પૂ. મોટા મહારાજશ્રીએ જણાવ્યું હતું કે - "સંતોએ શાસ્ત્રી સ્વામીની સાહિત્ય સેવા વિશે વાત કરી તે યોગ્ય જ છે. અને એમની સાથે ઘણા વરસનો પરિચય છે. તેમની સાથે પ્રવાસ

કરવાનો અમને પણ આનંદ આવે છે. કારણ કે તેઓ ખૂબજ ઈન્ટેલીજન્ટ છે અને રમૂજ ને સમજી શકે છે. આ પ્રસંગે હજારો હરિભક્તો ઉપસ્થિત રહી ધન્યભાગી બન્યા હતા. આ ઉત્સવના બધા પ્રસંગોનું સુચારૂ સંચાલન હરિપ્રિયદાસજી શાસ્ત્રીએ કર્યું હતું.

છેલ્લા દિવસે સવારે સર્વમંગલ સ્તોત્રથી ભગવાનનું પૂજન કર્યા બાદ અભિવાદન સભા થઈ હતી. પછી સહુ હરિભક્તોએ મહાપ્રસાદ સમૂહમાં સ્વીકાર્યો હતો. એ રીતે આ અનોખા વિષ્ણુયાગનો સમાપન સમારોહ અનોખી રીતે, અનોખા ઉત્સાહથી પરિપૂર્ણ થયો હતો. *(રજનીભાઈ પટેલ અને વિનોદભાઈ સોની)*

અસલાલીમાં ભાગવત સપ્તાહ પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી અત્રે અસલાલીમાં પૂ. મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી અને પૂ. પી.પી. સ્વામીની પ્રેરણાથી અસલાલી સત્સંગ મહિલા મંડળના મુખ્ય યજમાન પદે અને પ.ભ. મહેશભાઈ કાશીભાઈ પટેલના સહ યજમાનપદે શ્રીમદ્‌ભાગવત સપ્તાહ તા. ૧૦-૧૨ થી તા. ૧૬-૧૨-૦૭ પર્યન્ત સ.ગુ. શા.સ્વામી હરિઉઁપ્રકાશદાસજી (જેતલપુર સ્વા.વાડી સંચાલક) ના વક્તાપદે સુમધુર સંગીતના તાલે સંપન્ન થઈ. પ્રથમ દિને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદનું અલૌકિક સુખ આપ્યું હતું. પૂર્ણાહુતિના દિને પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને સૌ ભક્તજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. પારાયણ દરમ્યાન આવતા પ્રસંગોને ધામધૂમથી ઉજવ્યા હતા. પાઠ શાળાના સંતો અને સંગીત શિક્ષક દિપકભાઈના ભજન-કીર્તનનો આસ્વાદ સૌએ માણ્યો હતો. સમગ્ર આયોજનમાં જેતલપુરના મહંત શ્રી કે.પી. સ્વામી માર્ગદર્શક રૂપ રહ્યા હતા. સભા સંચાલન શા.કુંજવિહારીદાસે શોભાવ્યું હતું.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને પૂ. શા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામી ની પ્રેરણાથી આપણી જેતલપુર પાઠશાળાના નાના વિદ્યાર્થી સંત-પાર્ષદોએ નીચના ગામોમાં સત્સંગ સભાઓ કરીને હરિભક્તોને રાજી કર્યા હતા. જેમાં નવાગામ, કલોલ, મહીજ, અસલાલી, ગામડી, મનીપુર, સાણંદ, નારાયણનગર, નવા વાડજ, મેઘાણીનગર, નવા નરોડા આદિ અનેક ગામોને સભાનો લાભ આપેલ.

(શા. હરિઉઁપ્રકાશદાસજી)

નવરંગપુરા (તા. વિરમગામ) મૂર્તિ પ્રતિષ્ઠા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી પાટડી તાલુકાના અંતરિયાળ નવરંગપુરા ગામમાં જ્યાં સત્સંગીની સંખ્યા સાવ જુજ છે. પણ જે છે તે શ્રી નરનારાયણદેવ અને આચાર્ય મહારાજશ્રી પરત્વે અનન્ય નિષ્ઠા વાળા છે. પૂ. પી.પી. સ્વામી આવા ગામોમાં સતત વિચરણ કરીને સત્સંગની જરૂરીયાતોને ધ્યાનમાં લઈ સત્સંગીઓને ખૂબજ રાજી કરે છે. એવા આ ગામમાં અનેક વિઘ્નો છતાં સૌને સાથે રાખી મંદિરનું પુનઃ નિર્માણ કરાવીને મૂર્તિ પ્રતિષ્ઠાનું આયોજન કરવામાં આવ્યું. જેના ઉપક્રમે તા. ૧-૧૨-૨૦૦૭ થી ૩-૧૨-૦૭ પર્યન્ત શા. ભક્તિનંદનદાસ ગુરુ પી.પી. સ્વામીના વક્તાપદે ત્રિદિનાત્મક ભાગવત દશમ સ્કંધની કથા સંગીતના મધુર સૂર સાથે કરાવી હતી. મૂર્તિઓની નગર યાત્રા ગામમાં ધામધૂમથી નીકળી હતી.

તા. ૩-૧૨-૦૭ ના શુભ મંગલ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સમસ્ત ગામ અને આજુબાજુના ગામોના હરિભક્તો અને પૂજનીય સંતોએ ખૂબજ અભૂતપૂર્વ સામૈયુ કરીને પ્રાણ પ્યારા પૂ. આચાર્ય મહારાજશ્રીને વધાવ્યા હતા. ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે નિજ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા અને અન્નકૂટ-શણગાર આરતી ધામધૂમથી સંપન્ન થઈ હતી. તે પછી યજ્ઞની અને પારાયણની વિધિસર પૂર્ણાહુતિ કરી હતી. પ્રાસંગિક સભામાં યજમાન પરિવારોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે ગામના સૌ હરિભક્તોએ ચરણ સ્પર્શ દર્શન કરીને અલૌકિક લાભ લીધો હતો. ત્યારબાદ યજમાનોએ સંતોનું પૂજન કર્યું હતું.

પ્રાસંગિક સભામાં પૂ. આત્મપ્રકાશ સ્વામી, પૂ.પી.પી. સ્વામી, કાંકરિયાના મહંત સ્વામી વગેરે સંતોએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ગ્રામજનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગમાં અમદાવાદ થી વી.પી. સ્વામી, મથુરાના આનંદ સ્વામી, જેતલપુરથી વયોવૃદ્ધ શ્યામ સ્વામી, રામ સ્વામી, વિશ્વસ્વરૂપદાસ વગેરે સંતો સેવામાં જોડાયા હતા. સમગ્ર આયોજન પૂ. પી.પી. સ્વામી દ્વારા ખૂબજ ભવ્ય રીતે સંપન્ન થયું. જેમના રાજીપા માટે કર્યું તેવા આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અતિ રાજી અને પ્રસન્ન થયા. જેથી ગામમાં દરેક પ્રકારે ઉન્નતિ અને વિકાસ થશે. શ્રી નરનારાયણદેવ સૌ ઉપર વિશેષ કૃપા વરસાવે તેવી પ્રાર્થના.

(મહંત કે.પી. સ્વામી, જેતલપુર)

સીતાપુરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

અત્રે વિરમગામ તાલુકાના સીતાપુર (બહુચરાજી) ગામમાં આપણું સુંદર હરિમંદિર વિદ્યમાન છે. જ્યાં પૂજ્ય વંદનીય અ.નિ. સ.ગુ. કૃષ્ણકેશવદાસજી સ્વામી તેમના અ.નિ. શિષ્ય પૂ. શા.સ્વા. નરનારાયણદાસજી અને પૂ. શ્યામ સ્વામી અને શા. સ્વામી ઉત્તમ સ્વામી આદિ સંતોના રંગેથી રંગાયેલા આ વિસ્તારમાં શ્રી નરનારાયણદેવ ગાદીના વફાદાર અને નિષ્ઠાવાન હરિભક્તો વસે છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અહીં મંદિરમાં બિરાજમાન શ્રી ગણપતિજી મહારાજ અને શ્રી હનુમાનજી મહારાજની મૂર્તિઓનું કલર કામ કરી પુનઃ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૧૦-૧૨-૦૭ થી તા. ૧૨-૧૨-૦૭ પર્યન્ત યજ્ઞ આદિ પ્રસંગોનું આયોજન થયું હતું. જે યજ્ઞનો શુભ પ્રારંભ વયોવૃદ્ધ પૂ. શ્યામ સ્વામી દ્વારા કરવામાં આવેલ. સાથે પૂ.પી.પી. સ્વામી ઉપસ્થિત રહ્યાં હતા. જેમાં ગામના અનેક ભક્તજનોએ લાભ લીધેલ. રોજે સાંજે પૂ.પી.પી. સ્વામી, પૂ. આત્મપ્રકાશ સ્વામી, શા. હરિવલ્લભદાસ, શા. ભગવતચરણદાસ આદિ સંતોએ કથાવાર્તા દ્વારા સત્સંગનો

લાભ આપ્યો હતો.

તા. ૧૨-૧૨-૦૭ના શુભ દિને પ.પૂ. મોટા મહારાજશ્રી ગામમાં પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ખૂબજ ભવ્ય સામૈયું કર્યું હતું. ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ નિજ મંદિરમાં ઠાકોરજીનો અભિષેક કરી આરતી ઉતારી હતી. ત્યારબાદ શ્રી ગણપતિ-હનુમાનજીની મૂર્તિઓની પુનઃપ્રાણ પ્રતિષ્ઠાની આરતી ઉતારી યજ્ઞની પૂર્ણાહુતિ કરીને પ્રાસંગિક સભામાં પધાર્યા હતા. જ્યાં યજમાન પરિવારોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. સ.ગુ. શ્યામ સ્વામીને રાજીપાનો હાર પહેરાવી પૂ. મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

સભામાં જેતલપુર, અમદાવાદ અને કાંકરિયાના મહંત સ્વામીએ પ્રેરક અમૃતવાણીનો લાભ આપેલ. છેલ્લે સૌ સંત હરિભક્તોને પ.પૂ. મોટા મહારાજશ્રીના અલૌકિક અને દિવ્ય આશીર્વાદ મળ્યા હતા. સૌ હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. *(શા. ભક્તિનંદનદાસ)*

નારાયણનગરમાં દશમ સ્કંધ પ્રવચન કથા

જેતલપુર મહાપ્રતાપી દેવ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના છત્રછાયાના નારાયણનગર ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અ.નિ. ચંચળબા પરસોતમભાઈ પટેલની સ્મૃતિમાં શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પ્રવચન કથા તા. ૧૨ અને ૧૩ ડિસેમ્બર સુધી શા. ભક્તિનંદનદાસ ગુરુ પૂ.પી.પી. સ્વામીના વક્તાપદે સંગીતની સુરાવલી સાથે સંપન્ન થયું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા. અને યજમાન પરિવારના પ.ભ. પરસોતમભાઈ નારણભાઈ તેમના પુત્રો શ્રી પ્રાગજીભાઈ, ઘનશ્યામભાઈ તેમજ પ.ભ. દાસકાકાએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. સભામાં પૂ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ.પી.પી. સ્વામી કાંકરિયાના મહંત સ્વામી આદિ સૌ સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ સૌ ભક્તજનોને આશીર્વાદ આપીને અતિ રાજી થયા હતા. અત્રે સેવામાં શ્યામ સ્વામી, રામ સ્વામી, શા. ભગવતચરણદાસ જોડાયા હતા.

(કે.પી. સ્વામી મહંતશ્રી, જેતલપુર)

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનીયા (I.S.S.O.)
શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઉજવાયેલા ઉત્સવો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ દિન વિજયા દશમીના રોજ કોલોનીયા મંદિરમાં હરિભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. સાથે સાથે (I.S.S.O.) ના સ્થાપના દિન એમ બન્ને ઉત્સવોનું સુંદર મિલન હતું.

મંદિરનો આખો હોલ હરિભક્તોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પ્રતિમાની ફરતે યુવક મંડળ દ્વારા બલૂનથી શણગારવામાં આવેલ. ભજન-કીર્તન અને ધૂનની રમઝટ વચ્ચે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન સમૂહમાં થયા હતા. મહંત સ્વામીએ સભામાં ધર્મકુળનો મહિમા માહાત્મ્ય સરળ ભાષામાં સમજાવ્યું હતું. સાથે દશેરાનું પણ માહાત્મય સમજાવ્યું હતું. યજમાન પરિવારોનું ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. આપણા એક હરિભક્ત પ.ભ. રમણભાઈ પટેલના સારા સ્વાસ્થ્ય માટે બે મિનિટ ધૂન કરવામાં આવી હતી. છેલ્લે ઠાકોરજીને થાળ-આરતી અને પ્રસાદ ધરાવવામાં આવેલ.

કાળી ચૌદશના શ્રી હનુમાનજીનું પૂજન-અર્ચન આરતી અને મહંત સ્વામી દ્વારા શ્રી હનુમાનજીનું માહાત્મ્ય સૌને કથામાં કહેવામાં આવ્યું. યજમાનોએ સમૂહમાં શ્રી હનુમાનજીનું પૂજન-આરતી કરીને લાભ લીધો હતો.

દિવાળીના લક્ષ્મીપૂજન-શારદા પૂજન ભગવાન સમક્ષ વેદ વિધિસર મહંત સ્વામી અને શ્રી રોહિત પંડ્યા દ્વારા સંપન્ન થયું હતું. પૂજામાં ઘણા હરિભક્તો જોડાયા હતા. યજમાન પરિવારોનું ફુલહાલથી સન્માન કરવામાં આવેલ. નૂતન વર્ષના પ્રાતઃ ૬-૦૦ કલાકે ઠાકોરજીની મંગળા આરતી અને ૮-૦૦ કલાકે શણગાર આરતી કરવામાં આવી હતી. આજના મંગળ દિને આખો હોલ હરિભક્તોથી ભરાઈ ગયો હતો. પગ મૂકવાની પણ જગ્યા રહી ન હતી. અન્નકૂટના દર્શન માટે પણ એટલી જ ભીડ જોવા મળી હતી. મહંત સ્વામીએ સભામાં દિવાળી અને અન્નકૂટનો મહિમા અને હરિભક્તો દ્વારા કીર્તન ભક્તિ ધૂન આરતી થયા હતા. બહેનોની સેવા પ્રેરણારૂપ હતી.

કારતક સુદ-૧ ના તુલસી વિવાહનું સુંદર આયોજન થયુ હતું. આ પ્રસંગે મંદિરને રંગબેરંગી રોશનીથી શણગાર્યું હતું. જેમાં યુવાન ભાઈ-બહેનોનું યોગદાન પ્રસંશનીય હતું. સાંજના ૫-૦૦ કલાકે ભગવાનને વાજતે ગાજતે લગ્ન ગીતો-કીર્તનો ગાઈને પ્રદક્ષિણા કરાવી હતી. પંડિતજીએ મંત્રોચ્ચાર કરીને લગ્ન વિધિ કરાવી હતી. તુલસી વિવાહના વર અને કન્યા પક્ષના યજમાનોએ સુંદર લાભ લીધો હતો. મહંત સ્વામીએ તુલસી વિવાહનું માહાત્મ્ય સમજાવ્યું હતું.

સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી નો આશીર્વાદ પત્ર વાંચવામાં આવેલ. ઠાકોરજીને થાળ-આરતી-નિત્ય નિયમ કરી સૌને પ્રસાદ આપવામાં આવેલ. યજમાન પરિવારોનું ફુલહારથી સન્માન કરવામાં આવેલ. આમ કોલોનીયા મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃતિ દિન પ્રતિદિન વૃદ્ધિ પામતી જાય છે.

(પ્રવિણભાઈ શાહ)

હ્યુસ્ટન (I.S.S.O.)
શ્રી સ્વામિનારાયણ મંદિર

આપણા હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ

મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી વરસમાં આવતા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે.

૮ નવેમ્બર કાળી ચૌદશના શ્રી હનુમાનજીનું પૂજન-આરતી મહંત કે.પી. સ્વામી દ્વારા વેદ વિધિસર કરવામાં આવી હતી. ૯ નવેમ્બરના રોજ નૂતન વર્ષના મંગલ દિને દિપોત્સવીના મંદિરને રોશનીથી શણગારવામાં આવ્યું હતું. સાંજના સમૂહ શારદા પૂજન શાસ્ત્રોક્ત વિધિથી સંપન્ન થયેલ.

નતૂન વર્ષના મંગલ પર્વે ૧૦ નવેમ્બરે હ્યુસ્ટનના નાના-મોટા દરેક હરિભક્તો વહેલા વહેલા જાગીને સ્નાન-પૂજનથી પરવારીને મંદિરમાં દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. કડકડતી ઠંડીમાં નાના ભૂલકાઓ અને વૃદ્ધ હરિભક્તો પણ વહેલી સવારે ૬-૦૦ કલાકે મંગળા આરતીમાં સામેલ થયા હતા. દરેક હરિભક્તોને આરતીનો લાભ પ્રાપ્ત થયો હતો. અનેક દિવડાઓથી મંદિર શોભાયમાન લાગતું હતું. સભામાં પ્રમુખશ્રી મનુભાઈએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો આશીર્વાદ પત્ર વંચાવ્યો હતો. જે સાંભળીને સૌ ગદ્‌ગદિત થઈ ગયા હતા. બપોરે ૧૨-૦૦ કલાકે ઠાકોરજીની અન્નકૂટ આરતી કે.પી. સ્વામીએ ઉતારી હતી.

આ પ્રસંગે કારોબારી કમિટીએ ૧૭ નવેમ્બરના "ફંડ રેઝીંગ દિવાળી ડીનર" નો પ્રોગ્રામ રાખેલ. જેમાં દરેક ધર્મના ભાવિકોએ ભગવાનને ભેટ ધરીને મહા લાભ મેળવ્યો હતો. ખરેખર પ્રોગ્રામ ખૂબજ સફળ રહ્યો હતો. દરેક ભાવિકોને પ્રસાદ જમાડવામાં આવેલ. ૨૭ નવેમ્બરના તુલસી વિવાહનું પણ આયોજન ધામધૂમથી સંપન્ન થયું હતું. જેમાં વર અને કન્યા પક્ષના યજમાનોએ અલૌકિક લાભ લઈ વિવાહ પ્રસંગને ભવ્યતાથી માણ્યો અને નિહાળ્યો. મહંત સ્વામી દ્વારા તુલસી વિવાહનું માહાત્મ્ય સમજાવ્યું હતું. તુલસી વિવાહનો વરઘોડામાં હજારો ભક્તજનો જોડાયા હતા અને સૌને મીઠાઈ વહેંચવામાં આવી હતી. આમ અત્રે દિવાળીના આવા અલૌકિક ઉત્સવો ઉજવીને હ્યુસ્ટનના હરિભક્તોએ મહા લાભ લીધો હતો. કે.પી. સ્વામીએ દરેક હરિભક્તોનો આભાર વ્યક્ત કર્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

(રમેશ ટી. પટેલ)

શિકાગો (I.S.S.O.)
શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રી નરનારાયણદેવની કૃપા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે સત્સંગની દરેક પ્રવૃતિ સુંદર ચાલે છે. તે જ રીતે આપણા દરેક ઉત્સવો પણ ધામધૂમથી ઉજવવામાં આવે છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે પધારેલા સ્વામી જયપ્રકાશદાસ (ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી) અને શા. સ્વામી હરિપ્રસાદદાસજી (જૂનાગઢ)નું સ્વાગત શનિવારની સભામાં હરિભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું.

૨૦ ઓકટોબરના વિજયા દશમીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૩૫ મો પ્રાકટ્યોત્સવ હજારો હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો હતો. ભૂદેવશ્રી દિનેશભાઈએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પ્રતિમાનું મંત્રોચ્ચાર પૂર્વક પૂજન-અર્ચન વિધિસર કર્યું હતું. ૩૫ માં પ્રાકટ્યોત્સવ દિને ૩૫ હરિભક્તો યજમાન બને તેવો સૌનો સંકલ્પ હતો પણ અહીં તો પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પરત્વેની નિષ્ઠા અને વફાદારીનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું. ૩૫ ના બદલે અનેક હરિભક્તોએ યજમાન બની દિવ્ય લાભ લીધો. ૨૫ ઓકટોબરના શરદોત્સવ હર્ષોલ્લાસથી ઉજવ્યો હતો. સાંજે શ્રી હનુમાનજીનું પૂજન વિધિસર કરવામાં આવ્યું હતું.

તા. ૧૦-૧૧-૦૭ને શનિવારના રોજ નૂતન વર્ષના મંગલ દિને દરેક નાના મોટા હરિભક્તો ઠાકોરજીની મંગળા આરતીમાં સામેલ થયા હતા. સભા મંડપ આખો ખીચોખીચ ભરાઈ ગયો હતો. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો નૂતન વર્ષનો આશીર્વાદ પત્ર વંચાવવામાં આવેલ. બપોરના શ્રીહરિકૃષ્ણ મહારાજની અન્નકૂટ આરતી અને ગોવર્ધન પૂજનની આરતી ત્રણેય સંતો અને યજમાન પરિવારોએ ઉતારી હતી.

તા. ૨૪-૧૧-૦૭ના શનિવારે તુલસી વિવાહના આયોજનમાં શ્રી કમલેશભાઈ શાહે યજમાન બની સેવાનો લાભ લીધો હતો. આ પ્રસંગે શિકાગોના હજારો હરિભક્તોએ દર્શનનો અલૌકિક લાભ લઈ દિવ્યતા અનુભવી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે.

(વસંતભાઈ ત્રિવેદી)

સીડની (ઓસ્ટ્રેલીયા I.S.S.O.)
શ્રી સ્વામિનારાયણ મંદિર

આપણા સીડની શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહરાજશ્રીની આજ્ઞાથી અમદાવાદથી પી.પી. સ્વામી (નાના) અને શા. રામકૃષ્ણદાસજી સત્સંગ પ્રચારાર્થે પધાર્યા હતા. રોજે સાંજે સત્સંગ સભામાં હરિભક્તો લાભ લેવા પધારતા હતા. શ્રીમદ્ સત્સંગિજીવનની કથા શાસ્ત્રી સ્વામીના વક્તાપદે ૬ ડિસે. સુધી થઈ હતી.

તા. ૧૭ અને ૧૮ નવેમ્બરના બ્લ્યુ માઉન્ટેન્સ ખાતે સત્સંગ શિબિર યોજવામાં આવી હતી. જેમાં સેંકડો સત્સંગીભાઈ બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સત્સંગ ગોષ્ઠિ કાર્યક્રમમાં ઘણા હરિભક્તોએ સત્સંગ વિશેના પ્રશ્નો પૂછ્યા હતા. જેનું નિરાકરણ સંતોએ ઉત્તર રૂપે આપ્યું હતું. સમૂહ મહાપૂજામાં ઘણા હરિભક્તો જોડાયા હતા.

નૂતન વર્ષના મંગલ પ્રભાતે આપણા મંદિરમાં ઠાકોરજીની મંગળા આરતી અને બપોરે ૨૫૦ જેટલી જુદી જુદી વાનગીઓનો અન્નકૂટ ધરાવીને આરતી ઉતારવામાં આવી હતી. અન્નકૂટનું માહાત્મ્ય સ્વામીએ સરળ ભાષામાં સમજાવ્યું હતું. અન્નકૂટના યજમાન શ્રી ક્રિશ સચીન પટેલ અને શ્રી પાર્થ પરેશભાઈ જુઠાણી બન્યા હતા.

૨૪ નવેમ્બરના તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કન્યા પક્ષના યજમાન શ્રી રાજ તથા નયનાબેન

અને વરપક્ષના યજમાન શ્રી ભાવિન તથા બોનીબેન દૈહ્યા રહ્યા હતા. હરિભક્તોએ તુલસી વિવાહને ધામધૂમથી ઉજવીને દર્શન કર્યા હતા. સંત-મંડળ અત્રેથી મેલબોર્ન પધારેલ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી અહીં આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે. *(તેજસ પટેલ)*

આટલાન્ટા મંદિર (I.S.S.O., U.S.A.) માં સૌ પ્રથમ અન્નકૂટ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના સંકલ્પ અને પ્રેરણાથી અને હરિભક્તોના અથાગ પ્રયત્નો અને પુરૂષાર્થથી આટલાન્ટા I.S.S.O. ચેપ્ટરના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દિવાળી પ્રસંગે ઠાકોરજી સમક્ષ હરિભક્તોએ વિવિધ સુંદર વાનગીઓ પ્રેમ અને શ્રધ્ધાથી બનાવીને લાવ્યા હતા. આ આયોજનમાં શ્રી દક્ષેશભાઈ, શ્રી રાજુભાઈ, શ્રી પ્રવિણભાઈ, શ્રી અશોકભાઈ, શ્રી રજનીભાઈ (પીજવાળા) તથા બહેનોમાં શ્રી ભાવનાબેન, રાજેશ્રીબેન, રાગેશ્રીબેન અને મૃદુલાબેન આદિ સૌ સત્સંગી બહેનોએ મંદિરને તોરણ-લાઈટીંગથી સુંદર દેદિપ્યમાન શણગાર્યું હતું.

તા. ૧૦-૧૧-૦૭ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે પૂજારી ભરતભાઈએ ગોવર્ધન પૂજાની આરતી ઉતારીને સૌને દર્શનનો લાભ આપ્યો હતો. સભામાં હરિભક્તોએ ધૂન-ભજન કીર્તન સમૂહમાં કર્યા હતા. બરાબર ૧૧-૦૦ કલાકે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અન્નકૂટ આરતી ઉતારવામાં આવી હતી. જેમાં સુંદર વિવિધ મીઠાઈઓ, સુગર કેન્ડી, રમકડા, વિવિધ ફરસાણો અને અનેક જાતના અવનવા ફળો ફુલોની ગોઠવણી બહેનો દ્વારા કરવામાં આવી હતી. અન્નકૂટની સમૂહ આરતી સૌ હરિભક્તોએ ઉતારીને અલૌકિક લાભ લીધો હતો. પ્રાસંગિક સભામાં પ.ભ. રમણભાઈ પટેલે (Ex. Chairman I.S.S.O.) યજમાનોનું સ્વાગત કરીને શ્રીજી મહારાજ અને ધર્મવંશીના મહિમાની અદ્‌ભુત વાતો સાથે જ્ઞાન ગોષ્ઠિ કરી હતી. સૌએ સાથે પ્રસાદ લઈ ઘર તરફ જવા પ્રયાણ કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો દાખડો હરિભક્તો દ્વારા સફળ થઈ રહ્યો છે. તેનો સૌને પ્રત્યક્ષ અનુભવ થયો.

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	શ્રી જિજ્ઞેશભાઈ લાલજીભાઈ પટેલ પુણ્ય એન્ટરપ્રાઈઝ બિજનેશ નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦	શ્રી તારાબેન લાલજીભાઈ પટેલ ચિ. મિતના જન્મ પ્રસંગે	સઈજ
૧૦૧-૦૦	શ્રી ચિનુભાઈ હરગોવનદાસ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	(મોખાસણવાળા) રાણીપ
૧૦૦-૦૦	શ્રી દિપેન દશરથભાઈ ભાવસાર નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	પેથાપુર
૧૦૦-૦૦	શ્રી કનુભાઈ મણીલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	કનીપુર
૧૦૦-૦૦	શ્રી ગોપાળભાઈ વેણાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મોયદ
૧૦૧-૦૦	શ્રી જેઠાલાલ શામજીભાઈ ચાવડા શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી જસ્મિન જગદીશભાઈ અમીન જન્મ દિન નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦	શ્રી ભાસ્કરભાઈ દશરથભાઈ પટેલ નોકરીના પ્રથમ પગાર નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦	શ્રી જય જિજ્ઞેશકુમાર પટેલ જન્મ દિન નિમિત્તે	મોખાસણ
૨૦૨-૦૦	શ્રી રણછોડભાઈ દેવજીભાઈ પટેલ ચિ. ચિરાગ, દિવાકરના જન્મ દિન તથા તેમના માતુશ્રી ગં.સ્વ. લક્ષ્મીબેનની ૨૧-૧૧- પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે	(આણંદપુર-ભાલ) અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી સુમિત ધર્મેશભાઈ મનાણી સ્કુલમાં બેસાડ્યો તે નિમિત્તે	(જીરાગઢ) રાજકોટ
૧૦૧-૦૦	શ્રી વિરજીભાઈ પ્રેમજીભાઈ મારવી ચિ. નિતીનભાઈની સગાઈ નિમિત્તે	(જીરાગઢ) અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી જયંતીભાઈ નરસીભાઈ પટેલ પગાર પુરો થયો તે નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી અલ્પેશભાઈ જયંતીભાઈ પટેલ પગાર પુરો થયો તે નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી આશિષકુમાર જયંતીભાઈ પટેલ પગાર પુરો થયો તે નિમિત્તે	
૧૦૧-૦૦	શ્રી અમૃતલાલ મગનલાલ મોદી નૂતન વર્ષ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી મુકેશકુમાર અંબાલાલ ખરાદીયા ચિ. હાર્દિક ધો.-૧૨ માં ૮૮ ટકાએ પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી કરીમભાઈ ધર્મેશભાઈ મારવી યાત્રા નિમિત્તે	(જીરાગઢ) મુંબઈ
૨૦૧-૦૦	શ્રી ચુનીલાલ લલ્લુભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	રામોલ ચોકડી
૧૦૧-૦૦	શ્રી મરઘાભાઈ હરિભાઈ પટેલ તેમના ધર્મપત્નિ મણીબાની પુણ્ય તિથિ નિમિત્તે	કાળી-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી સાક્ષીબેન પિયુષભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	ભાયંદર (મુંબઈ)
૧૦૧-૦૦	અ.નિ. કોકીલાબેન રણછોડભાઈ ચાવડાના સ્મરણાર્થે	બળોલ (ભાલ)
૫૦૦-૦૦	શ્રી તેજેન્દ્ર બી. પટેલ સફળ થવા નિમિત્તે	(ડિંગુંચાવાળા) રાણીપ

૧૦૧-૦૦ શ્રી હસમુખભાઈ શંકરલાલ ભાવસાર ૫૦ મી વર્ષગાંઠ નિમિત્તે	વડનગર
૧૦૧-૦૦ શ્રી મન દર્શિતભાઈ ધનજંયભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	જમીયતપુરા
૧૦૦-૦૦ શ્રી હરિભાઈ માધવલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ખેરોલ-અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી પરેશકુમાર રજનીકાંત કા.પ. નવું મકાન લીધું તે નિમિત્તે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦ શ્રી નિકીતા હર્ષદકુમાર હિરાભાઈ પટેલ ડેન્ટલ કોલેજમાં એડમીશન મળ્યું તે નિમિત્તે	કણભા-નરોડા
૧૦૧-૦૦ શ્રી મહાવીરસિંહ જી. ખેર નૂતન વર્ષ નિમિત્તે	બળોલ (ભાલ) વાળા
૧૦૦-૦૦ શ્રી રીટાબેન જયંતીભાઈ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ - મલાડ
૧૦૦-૦૦ શ્રી ચિમનલાલ એમ. કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ-મલાડ
૨૦૦-૦૦ શ્રી વિક્રમભાઈ રમણભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	પોર
૧૦૦-૦૦ શ્રી ઘનશ્યામભાઈ દાનુભાઈ અરજણભાઈ નવું બાઈક લીધું તે નિમિત્તે	બળોલ-ભાલ
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ અંબાલાલ ઠક્કર શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૨૫-૦૦ શ્રી પરસોત્તમ લક્ષ્મણભાઈ ચૌહાણ પૂ. મહારાજશ્રીના રાજીપા અર્થે	(જામસર) નવસારી
૧૨૫-૦૦ શ્રી ઉજમબેન પરસોતમ ચૌહાણ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પ્રસન્નાર્થે	(જામસર) નવસારી
૧૦૧-૦૦ શ્રી વલ્લભભાઈ સોમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વસઈ ટીંબા
૧૦૧-૦૦ શ્રી માનવ કલ્પેશભાઈ ઈશ્વરભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ લક્ષ્મણભાઈ ચૌધરી ૭૦૯ ગાડી લાવ્યા તે નિમિત્તે	ગુનમા
૧૦૧-૦૦ શ્રી કેયુરકુમાર મનુભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સંતરામપુર
૧૦૧-૦૦ શ્રી ગણેશભાઈ કચરાભાઈ ચૌધરીના સ્મરણાર્થે	સમૌ
૧૫૧-૦૦ અ.નિ. પ.ભ. અંબાલાલ શિવરામ પટેલ ૭ મી પુણ્યતિથિ નિમિત્તે	માણેકપુર
૧૦૧-૦૦ શ્રી અલ્પેશકુમાર વિષ્ણુભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	આનંદપુરા
૧૦૧-૦૦ શ્રી બાબુભાઈ મથુરદાસ પટેલ તેમના ચિ. ભદ્રેશને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	સોજા
૧૫૧-૦૦ શ્રી અસ્મિતાબા ધર્મેન્દ્રસિંહ વાઘેલા નૂતન વર્ષ શ્રીહરિ પ્રસન્નાર્થે	ગોધાવી
૧૫૧-૦૦ શ્રી અંકિતાબા મેહુલસિંહ વાઘેલા દેવ દિવાળી નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે	ગોધાવી
૧૦૧-૦૦ શ્રી તારાબેન ઘનશ્યામસિંહ વાઘેલા શ્રીજી પ્રસન્નાર્થે	ગોધાવી
૧૦૧-૦૦ શ્રી ભાવેશ જોરૂભાઈ ચાવડા નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	(બળોલ) નરોડા
૧૦૧-૦૦ શ્રી નવલસિંહ ડાભી ચિ. પૌત્રી મેશ્વાબેનના જન્મ દિન નિમિત્તે	ડાંગરવા
૨૦૧-૦૦ શ્રી ઈચ્છાબેન ગોબરભાઈ પટેલ નિવૃત થયા તે નિમિત્તે	ધનસુરા
૨૫૦-૦૦ શ્રી રતીલાલ મણીલાલ પટેલ નવું ઘર બનાવ્યું તે નિમિત્તે	પોર (ગાંધીનગર)
૨૫૦-૦૦ શ્રી રિકેંશકુમાર રતીલાલ પટેલ તેમને ત્યાં પુત્ર જન્મની ખુશાલી નિમિત્તે	પોર (ગાંધીનગર)
૧૦૧-૦૦ વૈશાલી કૃણાલભાઈ પટેલ ચિ. યશવીના જન્મ દિન નિમિત્તે	કનીપુર
૩૦૦-૦૦ ડૉ. કૃણાલ ચંદુભાઈ પટેલ બી.ડી.એસ. (ડેન્ટીસ) સર્જન થયા તે નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦ શ્રી બાબુભાઈ શામળભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા ખેરોલ
૧૦૧-૦૦ શ્રી ઋદા અને બનુ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૫૦૧-૦૦ ડૉ. ઘનશ્યામભાઈ જી. ટાંક એમ.આર.સી.એસ. પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે	લંડન
૧૦૧-૦૦ શ્રી પરેશકુમાર (વિપુલ) શંભુભાઈ પટેલ લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે	મારૂસણા
૧૦૦-૦૦ શ્રી રમેશભાઈ અંબાલાલ પટેલ ગાડી નિમિત્તે	જેતલપુર
૧૧૦-૦૦ શ્રી રમણીકભાઈ રામજીભાઈ ચોટલીયા શ્રીજી પ્રસન્નાર્થે	સુરત
૧૦૧-૦૦ શ્રી કેવલ અજીતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુરત
૧૦૧-૦૦ શ્રી કેવલ અજીતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઉવારસદ
૧૧૧-૦૦ શ્રી વીણાબેન નરેન્દ્રભાઈ ઠક્કર ચિ. દિપેન સી.પી.ટી. સી.એ. પ્રવેશ પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે	બોપલ
૧૦૧-૦૦ શ્રી વિજયકુમાર ચંદુલાલ પટેલ ચિ. પૌત્ર મૃણાલના લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી હિંમતભાઈ શશીકાન્ત કાછીયા મહાપૂજા પ્રસંગે પૂ. મહારાજશ્રીની પધરામણી નિમિત્તે	અમદાવાદ
૨૦૨-૦૦ શ્રી બળદેવભાઈ મોહનભાઈ પટેલ જન્મદિન અને ચિ. નેહુલના લગ્ન પ્રસંગે	ખેડા
૨૫૧-૦૦ શ્રી મૌલિકકુમાર પંકજભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	(સોજાવાળા) અમદાવાદ

૧૦૧-૦૦ શ્રી બળદેવભાઈ જોઈતારામ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	મારૂસણા
૧૦૧-૦૦ શ્રી રાહુલ અનંતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	(નાંદોલ) દહેગામ
૧૦૧-૦૦ શ્રી પ્રભુદાસ છોટાલાલ મહેતા પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે	મોરબી
૧૦૧-૦૦ શ્રી માલવ દિપકભાઈ જોબનપુત્રા બેંકમાં નોકરી નિમિત્તે	મોરબી
૧૦૧-૦૦ શ્રી ઉન્નતિબેન રાજેન્દ્રભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ધનસુરા
૧૦૧-૦૦ શ્રી જયંતીભાઈ મીસ્ત્રી ચિ. ચેતનકુમાર અને ફાલ્ગુની મીસ્ત્રીના લગ્ન પ્રસંગે	બાકરપુર
૧૦૧-૦૦ શ્રી દર્શનભાઈ રાજેશભાઈ વરૂ જન્મ દિન નિમિત્તે	(જીરાગઢ) સેટેલાઈટ
૧૦૧-૦૦ શ્રી હર્ષ રાજેશભાઈ વરૂ ટ્રાવેરા ગાડી લાવ્યા તે નિમિત્તે	(જીરાગઢ) સેટેલાઈટ
૫૦૧-૦૦ શ્રી તેજેન્દ્ર બી. પટેલ સફળ થવા નિમિત્તે	(ડીગુંચા) રાણીપ
૧૦૧-૦૦ શ્રી ચંદ્રસિંહ કૌશિકભાઈ ચાવડા જન્મ દિન પ્રસંગે ભેટ (હ. નવદિપસિંહ)	(બળોલ-ભાલ) અમદાવાદ

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

કારતક સુદ-૧ તથા ૨ પ.ભ. હંસાબેન ટી. પટેલ (પૂજ્ય મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદ-પ્રેરણાથી). **કારતક સુદ-૪** પ.ભ. હરિભાઈ મણીભાઈ પટેલ (અંબાપુર) ● અ.નિ.પ.ભ. બાબુભાઈ બકોરભાઈ પટેલ. **કારતક સુદ-૫** પ.ભ. કાંતાબહેન છગનભાઈ (હ. છગનભાઈ). **કારતક સુદ-૮** પ.ભ. મફતલાલ પટેલ નરોડા (આનંદ સ્વામી, હિંમતનગર મહંત) ● અ.નિ.પ.ભ. હિરાબેન રમેશચંદ્ર ગજ્જર અમદાવાદ. **કારતક સુદ-૧૨/૧૩** પ.ભ. ખીમજી પુનશી ડાહ્યાભાઈ શાહ (ભચાઉ-કચ્છ) ● પ.ભ. અશ્વિનભાઈ પૂજારા (હ. અક્ષયભાઈ પૂજારા) ● અ.નિ. સાં.યો. કાંતાબેન (ગુલાબપુરાવાળા) (હ. અશોકભાઈ તથા ઘનશ્યામભાઈ). **કારતક સુદ-૧૪** અ.નિ.પ.ભ. સંજયભાઈ વિનોદભાઈ પટેલ (હ. ઈશાન સંજયભાઈ પટેલ)પ.ભ. કાંતિભાઈ છોટુભાઈ પટેલ નવસારી. **કારતક સુદ-૧૫** પ.ભ. હંસાબેન ટી. પટેલ (પૂજ્ય મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદ-પ્રેરણાથી) ● પ.ભ. રતનબાઈ રવજી રામજી ભુવા

કારતક વદ-૧ પ.ભ. સુરેન્દ્રભાઈ બંસીભાઈ દેસાઈ ● પ.ભ. શશાંક જે. શાહ (હ. સંદિપભાઈ ચોકસી). **કારતક વદ-૮** પ.ભ. બેચરભાઈ રામદાસ પટેલ મરતોલી. **કારતક વદ-૧૨** હરિકૃષ્ણ નોવેલ્ટી સ્ટોર ● પ.ભ. મયંકભાઈ ધીરેનભાઈ કામદાર. **કારતક વદ-૩૦** પ.ભ. રમેશભાઈ મણીભાઈ પાટડીયા નારણપુરા ● પ.ભ. નિમેષકકુમાર સોમાભાઈ ભક્તિનગર-રાણીપ ● પ.ભ. લાભુભાઈ અમરશીભાઈ મોરડીયા.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

મૂળી : શ્રી સ્વામિનારાયણ મંદિરના સંત સ.ગુ. સ્વામી માધવજીવનદાસજી (માધદા સ્વામી) ગુરુ સ્વામી શ્રીરંગદાસજી તા. ૪-૧૨-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સરસપુર-અમદાવાદ : પ.ભ. ભગવતભાઈ અંબારામ પટેલના બહેન ગં.સ્વ. શાંતાબેન અંબારામદાસ પટેલ (કરજીસણ) શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૯-૧૨-૨૦૦૭ના રોજ અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. રવજીભાઈ ઝવેરભાઈ પટેલ તા. ૬-૧૨-૨૦૦૭ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : ગં.સ્વ. કમળાબેન ગજાનંદભાઈ જાદવ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સ્ટ્રેધામ લંડન (યુ.કે.) : પ.ભ. પરસોતમભાઈ નાથાલાલ પટેલ (પલાણાવાળા) (ઉ. ૯૦ વર્ષ) શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૧૮-૧૨-૦૭ ને શ્રીહરિ જયંતીના દિવસે અક્ષરનિવાસી થયા છે.

બાવળા : પ.ભ. જયંતીલાલ રામજીભાઈ સોની તા. ૨૮-૧૧-૦૭ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ-મણીનગર : પ.ભ. સુરજીતસિંહ એમ. પુરીના ધર્મપત્ની અ.સૌ. મીનારાણી શ્રીહરિનું અખંડ ભજન કરતા તા. ૨૧-૧૧-૦૭ને પ્રબોધિની એકાદશીના રોજ અક્ષરનિવાસી થયા છે.


રાજપુર (કલોલ) હાલ ચેરીહિલ : પ.ભ. ઘનશ્યામભાઈ નારણદાસ પટેલ (જેઓ ચેરીહિલ ન્યુજર્સી વસતા પ.ભ. માણેકલાલ તથા કનુભાઈના ભાઈ તથા નવિનભાઈ, પ્રફુલભાઈના પિતાશ્રી) તા. ૭-૧૨-૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

આંતરસુબા : શ્રી સ્વામિનારાયણ મંદિર (બાઈઓનું)માં સેવા પૂજા કરતા સાંખ્યયોગી ચંદનબા તા. ૨૫-૧૧-૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




નારણપુરા મંદિરમાં મારુતિ યજ્ઞ પ્રસંગે
દર્શન આપતા પ.પૂ. મહારાજશ્રી તથા
ઉદ્‌બોધન કરતા મહંત સ્વામી



નાથદ્વારા મંદિરનો પાટોત્સવ અભિષેક કરતા
પ.પૂ. મોટા મહારાજશ્રી




હિંમતનગર મંદિરમાં
પાટોત્સવ અભિષેક કરતા
પ.પૂ. મોટા મહારાજશ્રી



આપણા પ.પૂ.મોટા મહારાજશ્રી વિધાનસભાની ચૂંટણીમાં
મતદાન કરીને સમાજમાં કર્તવ્યપાલનનું ઉત્તમઉદાહરણ
પુરુ પાડી રહ્યા છે.



ઈડર પાસે પોળોના જંગલમાં શરણેશ્વર મહાદેવના દર્શન
કરતા પ.પૂ.મોટા મહારાજશ્રીની દિવ્ય ભાસ્કરમાં
પ્રકાશીત થયેલ તસવીર




કાંકરિયા મંદિરમાં લાડુનો પ્રસાદ વહેંચતા
મહંત સ્વામી અને આનંદ સ્વામી




આપણી ટર્ફ (ઈંગ્લીશ મિડિયમ) સ્કૂલમાં વિજ્ઞાન પ્રદર્શન
પ.પૂ.મોટા મહારાજશ્રીના વરદ્‌ હસ્તે ખુલ્લું મુકાયા બાદ
ડો.જે.જે.રાવલ પૂ.લાલજી મહારાજને ટેલિસ્કોપ વિશે સમજાવી રહ્યા છે


egistered under RNI - No - GUJ GUJ/ 2007 / 20221Permitted to post at Ahd PSO on 11 the every month
under postal Regd. No. GAMC. 003 issued SSP Ahd Valid up to 31-12-08 Licenced to Post
Without Prepayment No. AM-019 valid upto 31/05/2008




લોસ એન્જલ્સ (I.S.S.O.) મંદિરમાં શ્રી ઘનશ્યામ
મહારાજનો પાટોત્સવ અભિષેક કરતા પ.પૂ.મહારાજશ્રી



ટોરેન્ટો-કેનેડા મંદિર (I.S.S.O.)માં મહાપૂજા વિધિ
પ.પૂ.મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થઈ



ટોરેન્ટો-કેનેડા (I.S.S.O.)માં મંદિર માટે હોલ સંપાદિત કરી
ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી



ઓકલેન્ડ (I.S.S.O.) આપણા મંદિરમાં હરિભક્તોને
આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી



આટલાન્ટા (I.S.S.O.)
આપણા મંદિરમાં ભજન કીર્તન કરતા હરિભક્તો



પ.પૂ.મોટા મહારાજશ્રીના કેમેરામાં કંડારાયેલ
ઓકલેન્ડના ભવ્ય મંદિરની તસવીર



ઓકલેન્ડ ન્યુઝીલેન્ડમાં આપણા મંદિરની અચાનક મુલાકાતે પધારેલા
પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે ડો. કાંતિભાઈ અને હરિભક્તો

Prafull Kharsani